એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૭ ● અંક : ૪

એપ્રિલ' ૧૨ - મે'૧૨

**મુખ્ય તંત્રી**
*હંસરાજ કંસારા* ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
*અતુલ સોની* ૯૭૨૫૦ ૩૮૧૪૦
*તુલસીદાસ કંસારા* ૯૮૨૫૦ ૮૨૬૩૯
*કુ. એકતા કટ્ટા* ૯૮૭૯૧ ૯૪૩૩૪

**<u>વ્યવસ્થાપક સમિતિ</u>**

***ચેરમેન***
*મનુભાઈ કોટડીયા* ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***
*અતુલ સોની* ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***
*સૂર્યકાંત સોની* ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***
*ચિરાગ બુદ્ધભટ્ટી* ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***
*કનુભાઈ બીજલાણી* ૯૨૭૬૮ ૪૦૯૧૩
*(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)*

**<u>જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક</u> :**

● **અમદાવાદ**
*ઉદય પરમાર* ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
*ઈશ્વરભાઈ વી. હેડાઉ* ૯૪૨૯૦ ૮૩૨૯૫
*વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી* ૯૯૭૯૭ ૯૭૫૮૪
*(રૂલપ્રેસવાળા)*

● **અંજાર**
*અનિલ એસ. સોની* ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
*પ્રફુલભાઈ કંસારા* ૯૮૭૯૧ ૨૨૨૬૫
*(ઉદય સ્ટેશનરી માર્ટ)*

● **માધાપર**
*હિતેશ સોની (કરણ જ્વેલર્સ)* ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
*શૈલેષ કંસારા* ૯૮૨૫૦ ૧૨૫૦૩
*સુધા બુદ્ધભટ્ટી* ૯૯૨૫૩ ૧૩૭૩૪
*પી. જી. સોની 'દાસ'* ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
*અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.*

**કાર્યાલય :** *રાજેન્દ્ર સોની*
*ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮*

**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

*છુટક કિંમત* રૂા. ૨૦/-
*ત્રિ-વાર્ષિક લવાજમ* રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

સમસ્ત વિશ્વનું અર્થતંત્ર અત્યારે ડહોળાયેલું છે. ભારતમાં એની વિપરીત અસરો વધુ પડતી દેખાય છે. રૂપિયાની ખરીદ શક્તિ એકદમ ઘટી ગઈ છે. પરંતુ આમ આદમીની રૂપિયો કમાવાની શક્તિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે તેવું કોઈ કાયમી અર્થતંત્રીય આયોજન દેખાતું નથી. બલકે, સહુ કોઈ પોતપોતાના ફાટ્યા આભને સાંધવા ખેંચતાણ કરે છે. પરિણામે, બળીયાના બે ભાગને ધોરણે સમાજના એક ચોક્કસ વર્ગ સિવાય બધાને ભોગવવું પડે છે. ભારતીય સંસ્કૃતિએ પોષેલા સામાજિક મૂલ્યોનો હાસ થતો જાય છે.

એક આમ આદમી આ સંયોગોમાં શું કરે ? પરિસ્થિતિ બદલવાનું એનું કામ નથી. હાલની પરિસ્થિતિમાં એના માટે, સીધે રસ્તે ટકી રહેવાનું પણ મુશ્કેલ છે અને છતાં, આપણી આસપાસ નજર નાખશું તો શું દેખાય છે ? દેખાય છે માત્ર વકરેલો ભોગવાદ. મંદિરો, મોલ્સ, હોટલ્સ, દુકાનો, સિનેમાગૃહો અને બધા જ પ્રકારના મનોરંજનના સ્થળોએ અંધાધૂંધ ભીડ અને નિરર્થક ઘોંઘાટ. આમાંના કેટલાકને ખબર છે કે એના એકના એક બીનજરૂરી. ભોગવાદ અનેકના આંતરડાં કકડાવી નાખે છે. ઉપરથી જોતાં ખ્યાલ પણ ન આવે, એવા અનેક પરિવારો આપણી આસપાસ હશે, જેમને આજુબાજુના માહોલ સાથે મેળમાં રહેવા કે દેખાદેખી, મ્હોં પર તમાચો મારી ગાલ લાલ રાખવા પડતા હશે અને આ વર્ગ નાનો નથી જ. થોડાક અમીરો અને થોડાક ગરીબી રેખાનો તેમજ રાજકીય 'હું સા તુંસી' નો લાભ મેળવતા લોકોને બાદ કરતાં, બીજા બધાની આવો જ હાલત છે. જે એમનાથી સહેવાતી નથી તેમ કોઈને કહેવાની પણ નથી.

તો શું એ વર્ગ પાસે પોતાને આ ભીંસમાંથી બચાવવાનો કોઈ ઉપાય નથી ?

ઉપાય તો છે જ અને આપણે સહુ ખાસ કરીને જેઓ આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. એમને સહુને એની ખબર પણ છે શું છે એ ઉપાય ?

આવો, આપણે સહુ સાથે મળી આજની કઠીન પરિસ્થિતિનો સામનો કરવાના ઉપાયો, વિષે થોડું વધુ વિચારીએ અને એનો કોઈ સામુહિક ઉપાય હોય તો તે અજમાવીએ.

**સુજ્ઞ વાંચકોનો આ વિષય પર સુજ્ઞ વાંચકોના મંતવ્યો આવકાર્ય છે.**

અસ્તુ....

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

# સાચા ભક્ત

લતા કે હેડાઉ - માંડવી

'યકીન બડા હૈ, દેવ નહિ' આવી ઉક્તિ લોકોમાં પ્રચલિત છે. જેનો અર્થ થાય છે - ભગવાન કરતાંય ભગવાન પ્રત્યેની શ્રદ્ધા-વિશ્વાસ-આસ્થા મોટી છે. શ્રદ્ધા વગરની ભક્તિ ક્યારેય ફળદાયી હોતી નથી. પણ પુરા ભાવથી શ્રદ્ધાપૂર્વક પરમાત્માનું નામ સ્મરણ માત્ર એકવાર કરો તોય પૂરતું છે.

મહર્ષિ નારદ એટલે ભગવાન વિષ્ણુના પરમ ભક્ત. તેઓના શ્વાસેશ્વાસે 'નારાયણ... નારાયણ...' નું અવિરત રટણ ચાલ્યા કરે તેમને ક્યારેક અભિમાન થયું કે મારા જેટલું પ્રભુનું નામ સ્મરણ કદાચ કોઈ જ નહિં કરતું હોય આ અભિમાન દિવસો સુધી તેમના મનમાં ઘુંટાયા કર્યું.

ભગવાન વિષ્ણુ તો આ વાત તત્કાલ પામી ગયા પણ ચૂપ જ રહ્યા છેવટે નારદજીથી રહેવાયું નહિ અને ભગવાન વિષ્ણુને કહ્યું 'પ્રભુ એક પ્રશ્ન કરું'

ભગવાન વિષ્ણુએ કહ્યું કહો નારદ તમારો શો પ્રશ્ન છે ? અને નારદજીએ કહ્યું પ્રભુ ! આપના કરોડો ભક્તો પૈકી તમારો સર્વ શ્રેષ્ઠ ભક્ત કોણ છે ? પ્રશ્ન કરતા નારજીને ભાવ જાગ્યો કે પ્રભુ હમણાં જ મારું નામ દેશે.

નારદ ! જો તમારે પ્રિય ભક્તને મળવું હોય તો તમારે પૃથ્વી પર જવું પડશે.

નારદજી કહે પ્રભુ ! આપનો પરમ ભક્ત પૃથ્વી પર ? પૃથ્વી પર તો વિવિધ પ્રકારના પાપી જીવો રહે છે. ત્યાં તમારો ભક્ત કેવી રીતે હોઈ શકે ?

હા, નારદ પૃથ્વી પર જ મારો પરમ ભક્ત છે કહી ભગવાન વિષ્ણુએ નારદજીને તેમના પૃથ્વી વાસી ભક્તના નામ ઠામ આપ્યા. પોતાના કરતાં પણ પ્રભુને વધારે પ્યારો એવો ભક્ત કોણ છે ? તે કેવી રીતે ભક્તિ કરે છે ? તે જાણવાની નારદજીને ઉત્કંઠા જાગી તેઓ તત્કાળ પૃથ્વી લોક તરફ પ્રયાણ કરી ગયા અને ભક્તના ઘર શોધી તેના ઘરે માનવ દેહ ધારણ કરી પહોંચી ગયા. ભગવાનનો પરમ ભક્ત એક સામાન્ય ખેડૂત હતો તેણે અતિથી બનેલા નારદનો આદર સત્કાર કર્યો અને સારી રીતે તેનો અતિથિ - ધર્મ બજાવ્યો.

નારદજી તે ખેડૂતના ઘરે રહીને તેની દિન ચર્યા જોઈ અને ઝીણવટથી નોંધ્યું કે આખા દિવસ દરમ્યાન તે ખેડૂત પોતાના કામમાં રચ્યો પચ્યો રહેતો હતો અને માત્ર ત્રણ વાર જ પ્રભુનું નામ સ્મરણ કર્યું હતું. સવારે ઉઠતા, બપોરે ભોજન સમય અને રાત્રે સૂતી વખતે તેણે પ્રભુને સમર્યા હતા.

જ્યારે નારદજી તો શ્વાસે શ્વાસે નારાયણનું નામ રટતા હતા તો નારદજીને વિચાર આવ્યો માત્ર ત્રણ વારનું પ્રભુ સ્મરણ કરનારો ખેડૂત પ્રભુનો પ્રિય ભક્ત તેમણે આ શંકા ભગવાન વિષ્ણુ સમક્ષ રજૂ કરી.

ભગવાન વિષ્ણુ આ સાંભળી મંદ મંદ હાસ્ય કરી રહ્યા તેમણે નારદજીને જણાવ્યું 'ભક્ત નારદ ! આ સામાન્ય ખેડૂત મારો સૌથી પ્રિય ભક્ત કેમ છે તે હું તમને વખત આવે બતાવીશ.' નારદજી નિરાશ થઈ ચાલ્યા ગયા અને એક દિવસ નારદજી નિત્યક્રમ મુજબ ભગવાન વિષ્ણુના દરબારમાં જઈ પહોંચ્યા તેમણે જોયું તો ભગવાન ના ચહેરા પર થોડાક અસુખના ચિહ્નો હતા.

પ્રભુ આપની તબીયત ઠીક નથી ? નારદજીએ ચિંતાતુર થઈ પ્રશ્ન કર્યો.

પ્રત્યુત્તરમાં માતા લક્ષ્મીજી બોલ્યા - દેવર્ષિ આજે સવારથી જ પ્રભુને અસુખ જ વર્તાય છે. વૈદજી તેનો ઉપચાર બતાવી ગયા છે તેના માટે આપશ્રી એ થોડું કષ્ટ ઉઠાવવું પડશે. માતાજી, આપ આજ્ઞા કરો, પ્રભુજી માટે હું કોઈપણ કામ કરવા તૈયાર છું.

'ભક્ત નારદ ! અહીં આવો' ભગવાને નારદજીને નજીક બોલાવ્યા. 'લો, આ તેલથી ભરેલી પ્યાલી છે. તેને લઈને પૃથ્વીની એક વખત પ્રદક્ષિણા કરી આવો. પછી આ તેલ મારા માટે ઔષધિરૂપ બની જશે. જેના થકી મારું અસુખ દૂર થઈ જશે.' પણ એકવાતનું ખાસ ધ્યાન રાખજો. પ્યાલીમાંથી એક ટીપું તેલ બહાર ઢોળાવું જોઈએ નહીં. એમાં શું પ્રભુ ! હમણા ગયો અને હમણા આવ્યો તમે બે ફિકર રહો હું તેલનું એક ટીપુંય ઢોળાવા દીધા સિવાય હમણા જ સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરીને આવું છું. નારદજી ઉત્સાહથી બોલ્યા.

થોડા સમય પછી નારદજી વિષ્ણુ ભગવાનના દરબારમાં પુનઃ ઉપસ્થિત થયા. સફળતાપૂર્વક કામ પુરું કર્યાનો સંતોષ તેમના ચહેરા પર પ્રગટ થતો હતો. 'લ્યો પ્રભુ આ તેલની પ્યાલી તેમાંથી એક ટીપુંયે પણ છલકાવા દીધું નથી. હવે તેનો જલ્દીથી ઔષધિરૂપે ઉપયોગ કરો.' નારદજી ખેસ વડે શ્વેદબિંદુઓ લૂંછવા લાગ્યા. શાબાશ ! નારદજી તમે જ મારા સાચા ભક્તિ છો કેવું ભગીરથ કાર્ય તમે સફળતાપૂર્વક તમે પરિપૂર્ણ કર્યું.

ભગવાને નારદજીની પ્રશંસા કરી પોતાની પ્રશંસા પ્રભુના મુખેથી સાંભળી. નારદજીને ગૌરવની લાગણી વ્યક્ત થઈ. ગૌરાવાન્વિત થતા નારદજી પોતાના આસને બિરાજ્યા. નારદજી ! તેલની પ્યાલી લઈને તમે આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યા ને ? પ્રભુએ પૂછ્યું. હા પ્રભુ ! એકપણ સ્થળ ચૂક્યો નથી. નારદજીએ જવાબ આપ્યો.

તમારી યાત્રા દરમ્યાન એકેય ટીપું પડ્યું નથી ને ? ભગવાને પૂછ્યું.

**અનુસંધાન પૃષ્ઠ નં. ૧૨ ઉપર**

# પ્રતીક દર્શન

**શ્રી બિહારીલાલ બુદ્ધભટ્ટી - રાજકોટ**

ગત માસની ૧૯ એપ્રિલને રોજ શ્રી બિહારીલાલભાઈ હરીલાલ બુદ્ધભટ્ટીનું રાજકોટ મધ્યે અચાનક અકાળે અવસાન થયું. તેઓશ્રીએ બેન્ક ઓફ ઈન્ડિયાના બ્રાન્ચ મેનેજર પદેથી નિવૃત્ત થયા પછી એમનું સમગ્ર જીવન 'સ્વાધ્યાય' પ્રવૃત્તિ માટે સમર્પિત કર્યું હતું. તેઓશ્રી પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચનોના સંક્ષેપ 'જ્ઞાતિસેતુ' તેમજ 'કચ્છશ્રુતિ'માં નિયમિત આપતા હતા. 'વૃક્ષ મંદિર' ની પૂજા એમનો નિત્યક્રમ હતો. એમના અકાળે અવસાન બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર ગહરો શોક વ્યક્ત કરે છે ઈશ્વર સદ્ગતના 'પરમ' આત્માને ઈશ્વર 'ચરમ' શાંતિ આપે તેમજ એમના પરિવારના સભ્યોને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના સાથે એમને શ્રદ્ધાંજલિ રૂપે, એમના 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત સંકલન અત્રે પ્રસ્તુત કરે છે. – *મુખ્યતંત્રી*

**એક સંકલીત લેખ 'દોણી'**

માનવીને એના અગમપંથની મુસાફરી માટે સજાગ કરતું તેમજ દેહની ક્ષણભંગુરતા સમજાવતું પ્રતીક એટલે દોણી. પ્રાચીનકાળમાં જે અગ્નિને સાથે રાખી લગ્ન થતા તે અગ્નિ ઘરમાં સતત પ્રજ્વલિત રાખવામાં આવતો અને મૃત્યુ પછી તે ગૃહ્યાગ્નિને માટલીમાં મૂકીને સ્મશાનમાં લઈ જતા અને તેનાથી મૃતદેહને અગ્નિદાહ આપતા. દોણી સાથેની સ્મશાન યાત્રા તેમજ તે વખતે થતો 'રામ બોલો ભાઈ રામ'નો ઉચ્ચાર વાતાવરણને ભારેખમ તેમજ માનવને અસ્વસ્થ્ય અને ગ્લાનિપૂર્ણ બનાવી મૂકે છે. સમજદાર માણસને આ દૃશ્ય માનવ જીવનની નશ્વરતા પર ચિંતન કરતો કરી મૂકે છે.

માનવ મૃત્યુથી ખૂબ જ ગભરાય છે કારણકે તે મૃત્યુને અમાંગલિક ઘટના ગણે છે. જીવન તરફ જોવાની સુયોગ્ય દૃષ્ટિ જો કેળવાય તો માનવને મૃત્યુમાં રહેલું માંગલ્ય સમજાય. જીવન એટલે શિવનું જીવને મળવા આવવું અને મૃત્યુ એટલે જીવનું શિવને મળવા જવું. કદાચ તેથી જ આપણા શાસ્ત્રકારોએ ભગવાન શિવજીનું નિવાસસ્થાન સ્મશાન કલ્પ્યું હશે. મરવું-સ્મશાનમાં જવું એટલે ભગવાન શિવજી પાસે જવું. આ રમ્ય વિચાર આપીને શાસ્ત્રકારોએ માનવની મરણની ભીતિ ઓછી કરવાનો સુંદર પ્રયત્ન કર્યો છે.

સંત કબીર પણ મૃત્યુના પ્રસંગને એક કન્યાના લગ્ન જોડે સરખાવે છે.

कर ले शृंगार चतुर अलबेली साजन के घर जाना होगा
मिट्टी उठावन मिट्टी बिछावत मिट्टी में मिल जाना होगा
नाह ले धोले शीश गुंथा ले फिर वहां से नहीं आना होगा

કેટલાક સમાજમાં શબને વાજતે ગાજતે સ્મશાનમાં લઈ જવાની પણ પ્રથા છે એની પાછળ આ જ સંકેત રહેલો છે.

મરણના દુઃખને કન્યા વિદાયના દુઃખ સાથે સરખાવી શકાય. નવવધુને પતિગૃહે જવાનું દુઃખ નથી, ઉલટો આનંદ છે. દુઃખ તો છે પિયર છોડવાનું. તે જ રીતે મરનારને જ્યાં જવાનું છે તેનું દુઃખ રહેવાનું કારણ નહીં. પરંતુ અહીં બાંધેલા ભાવ સંબંધો છોડીને જવું પડે છે તેથી તેનું હૃદય વ્યથિત થાય છે. મૃત્યુ તો જીવનનું સૌંદર્ય છે. જીવનનો શણગાર છે. મૃત્યુ ન હોત તો કદાચ જીવનનો આટલો મહિમા જ ન હોત. મૃત્યુના સાનિધ્યમાં જ કદાચ અત્યંત ઉત્કટ રીતે જીવનનો પરિચય થાય છે. મૃત્યુ છે તેથી જ તો જીવનમાં આનંદ છે. જીવનમાં કાવ્ય છે, જીવન રસમય છે. ગીતાકારની દૃષ્ટિએ મૃત્યુ એટલે વસ્ત્રો બદલવા.

वांसासि जीर्णानि यथा विदाय
नवानि गृहणाति नरोडपराणि ।
तथा शरीराणि विदाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥

આત્મા અમર છે અને દેહ નશ્વર છે. એ રીતે જોતાં મૃત્યુમાં જીવનનો અંત નથી, પરંતુ નવજીવનનું પ્રસ્થાન છે.

જ્ઞાનીઓ મૃત્યુનું અસ્તિત્વ જ નકારે છે. જગતમાં કંઈજ નાશ પામતું નથી. તેથી મૃત્યુ એટલે જડનું રૂપાંતર અને ચેતનનું વેષાંતર. ભક્તો મૃત્યુને જીવશિવના મિલનનું મધુર કાવ્ય ગણે છે. જ્યારે કર્મયોગીઓ કહે છે કે મૃત્યુ એટલે જીવનનો હિસાબ આપવા જવું. જેનું જીવન પ્રભુકાર્યમાં વીત્યું છે તે મૃત્યુથી ડરતો નથી. પરંતુ માનવ દેહની ક્ષણ-ભંગુરતાને પણ યાદ કરવાની જરૂર છે. આ દેહ નશ્વર છે જે માટીમાંથી આવ્યો છે તેમજ માટીમાં ભળી જશે. તેથી તેમાં આસક્તિ રાખવી કે દેહના જ ભોગોમાં લટ્ટુ બની માંસમિમાંસા કરતા રહેવું એ યોગ્ય નથી. એવો ઉપદેશ માટીની એ નાનીશી કુલડી આપે છે. બૌદ્ધિક સમૃદ્ધિના શિખર ઉપર જઈ બેઠેલ મોટા મોટા ધૂરંધરો પણ માટીમાં રંગદોળાઈ ગયા છે, એની ઈતિહાસ સાક્ષી પૂરે છે. વિશ્વ વિજેતા સિકંદર પણ આ જગતમાંથી ખાલી હાથે ચાલ્યો ગયો. મૃત્યુ પછી પોતાના જનાજામાં પોતાના હાથ ખુલ્લા રાખવાનો આદેશ આપી એ કહેતો ગયો કે Let the world know Sikander died with empty hands.

વિશ્વને ધ્રુજાવનાર ચંગીઝખાન કે એટીલા આજે શોધ્યા જડતા નથી. ધર્માંધ બની સત્તાના કેફમાં રાચનાર તેમજ

મંદિરોનું ખંડન કરનાર મહમંદગઝનીનો આજે ક્યાંય પત્તો નથી. લંકાપતિ રાવણ પણ રણમાં રોળાઈ ગયો. નશ્વર દેહના આ માટીના જીવડાઓ માટીમાં સમાઈ ગયા.

માનવદેહની નશ્વરતા તરફ ધ્યાન ખેંચતી આ દોણી માનવને, જીવનને તુચ્છ સમજવાની નકારાત્મક દૃષ્ટિ આપે છે એવું નથી, પરંતુ ક્ષણભંગુર દેહથી પણ માનવે સત્કાર્ય સાધી લેવા જોઈએ, તેને માટે સાવધ કરે છે. માનવનું જીવન ક્ષણિક છે પરંતુ ક્ષણિક હોવાથી જીવનને તુચ્છ સમજી ફેંકી દેવું એ મૂર્ખતા છે. ક્ષણિક જીવનમાં પણ સુગંધ ભરવાની કલા માનવે પુષ્પ પાસેથી શીખવી જોઈએ. અલ્પકાલીન જીવનાં પણ અનેરા રંગો પૂરવાની કલા ઈન્દ્રધનુષ સિવાય કોણ શીખવી શકે ? જીવનની ક્ષણેક્ષણ તે માણસને જીવતા આવડે તેમજ તેનો સદ્‌ઉપયોગ સતત પ્રભુકાર્ય માટે કરી લેવામાં આવે તો માનવનું જીવન ધન્ય બની જાય.

માનવનો દેહ નશ્વર છે એનો અર્થ એવો નથી કે એ નિરર્થક છે. પ્રભુના કામો કરવામાં માનવદેહની સાર્થકતા રહેલી છે. જન્મજન્માંતરના પુણ્યોના પરિપાક રૂપે ભગવાને માનવને આ દેહ આપ્યો છે. એટલું જ નહીં પણ એ દેહમાં પોતે પણ આવી બિરાજ્યા છે. આ રીતે માનવદેહ એ ઈશમંદિર જેટલો પવિત્ર છે. માનવ જ્યારે આ જગત છોડીને જાય ત્યારે તેની જોડે તેના કર્મો સિવાય બીજું કંઈ જ આવતું નથી. તેણે કમાવેલું વિત અહીં જ રહે છે. તેના પશુઓ ગોઠામાં બાંધેલા જ રહે છે. તેની પત્ની ઘરના બારણા સુધી વળાવી પાછી ફરે છે. દેહ ચિતા સુધી સાથે રહે છે પણ એથી આગળ કર્મો જ જાય છે.

धनानि भूमौ पशवश्च गोष्ठे भार्या गृहद्वारि जनः स्मशाने ।
देहश्चितायां परलोक मार्गे कर्मानुगो गच्छति जीव एकः ॥

માટલીમાં અગ્નિ ધેરતી લઈ જવા પાછળ પણ એક સુંદરભાવ છે. જે અગ્નિએ મને આજીવન સંભાળ્યો, પાળ્યો, પોષ્યો, પોતે સળગીને મને જીવન આપ્યું તે અગ્નિ જવાળા દ્વારા જ બળવામાં મારા જીવનની યથાર્થતા છે. એ પાપનાશક અગ્નિ મારા પાપો ધોઈ નાખશે.

अग्नि नय सुपथा राये अस्मान्विश्वानि देव वयुनाति विद्वान ।
युयोध्यस्मज्जुदुराणमेनो भूयिष्ठां ते न उक्तिं विधम ॥

ઉપનિષદના આ મંત્રની યથાર્થતા સમજવા જેવી છે. અગ્નિને પ્રાર્થના છે કે — ‘અગ્નિ, વિશ્વના બધા તત્વોનો તું જ્ઞાતા છે. અમારો માર્ગ સુપથ થાય, અમને આનંદ ભણી લઈ જનારો થાય. અવળે માર્ગે લઈ જનારા અમારા પાપને તું ભગાડી મૂક.’

આજે આપના જીવનમાંથી અગ્નિની ઉપાસના આવી ગઈ છે તેથી પરંપરાની જાળવણી વ્યવહારની મેળવણી કરીને ડાહ્યા લોકોએ બે છાણાના ટૂકડા પર ઘાસલેટ નાખી તેને સળગાવી માટલીમાં મૂકી લઈ જવા એમ નક્કી કર્યું. આ ક્રિયામાં વ્યવહાર અને આદર્શનો સમન્વય થયો છે. બંને એકબીજાના પૂરક બન્યા છે. એ દોણી એની પાછળનો ઈશારો સમજી લઈએ, જીવનનો રાહ બદલીએ અને જીવન કૃતાર્થ કરીએ. ■

## ‘‘જીવન જીવતાં જીવતાં જીંદગી મરી ગઈ.....!’’

જીવન જીવતાં જીવતાં જીંદગી મરી ગઈ !,
બળતાં-બળતાં અગ્નિ ઠરી ગઈ !
વિચાર્યું અગ્નિ બની ઉષ્મા આપું કોઈ ને,
ઉષ્મા લઈ, ગઈ તો ઉષ્માહીન થઈ ગઈ !
સત્ય શોધવા દોડી ગણું કે,
અસત્ય ની જ આદત પડી ગઈ !
વિચાર્યું જળ બની શીતળતા અર્પું સહુ ને,
મૃગજળ થી બચવા ગઈ, હું પોતે જ મૃગજળ બની ગઈ !
સુગંધ લઈ મોટી કેરી, ભાવના-સંબંધનું ઘર બનાવવા ગઈ,
ભાવના કયાંક છુટી ગઈ, હું વ્યવહારુ બની ગઈ,
હસતાં હવે આ અગ્નિ, જળ, માટી સહુ કોઈ,
કહેતાં, ‘‘અમે જડ થઈ ચેતન આપતાં સહુ ને,
તું ચેતન આપવા જતાં કેવી જડ બની ગઈ !’’
સત્ય શોધવા દોડી ઘણું કે, અસત્યની જ આદત પડી ગઈ !
હા, જોયું, સહુ કોઈ જીવતાં આવું જ,
સાચે જ, જીવન જીવતાં જીવતાં જીંદગી જ મરી ગઈ !

*કુ. એકતા કક્કા - અંજાર*

## લાડકવાયી લાડી

તું રૂમઝુમ પગલે આવ તું રૂમઝુમ પગલે આવ.
ઘરમંદિરને સ્નેહ સુગંધે અભર સભર મહેકાવ.
શ્રધ્ધાનો લઈ દિપ ઘરને અજવાળાથી ભરજે.
સ્મિત, સમર્પણને વિશ્વાસે ઘરમાં હરજે ફરજે.
જીવન તારૂં પુલકીત કરવા ભાવ સુધા વરસાવ.
તું રૂમઝુમ પગલે આવ તું રૂમઝુમ પગલે આવ.
દિલના સૌ અરમાનોથી તુ રંગોળી નિત કરજે.
હેત પ્રીત આદર મમતાથી સંબંધો જાળવજે.
સપ્તપદીના સપ્તભાવથી માંગલ્ય પ્રગટાવ.
તું રૂમઝુમ પગલે આવ તું રૂમઝુમ પગલે આવ.
માતા-પિતાને ભાઈ-બહેનનો સ્નેહ તને સાપડશે.
જીવન પંથે સુખનો વૈભવ સહજ તને તો મળશે.
ઈશકૃપાથી મળશે તુજને દાંમ્પત્યનો ભાવ.
તું રૂમઝુમ પગલે આવ તું રૂમઝુમ પગલે આવ.

*હની કમલેશકુમાર કક્કા - નખત્રાણા*

## ભુજ જ્ઞાતિના છૂટાછેડા તથા સગાઈ તૂટતી રોકવા અંગેના મંતવ્યો અને આવાહન

આપણા સમાજમાં સગાઈ તૂટવાના તથા છૂટાછેડાના બનાવોમાં વધારો થયો છે, તે એક ખૂબ જ ચિંતાજનક બાબત છે. જે ભુજ સમાજ પુરતો નહીં પરંતુ સમગ્ર મારૂ કંસારા સોની સમાજને સ્પર્શતો, એક સળગતો પ્રશ્ન બનીને આપણી સમક્ષ આવીને ઊભો છે, તેને જો અત્યારથી કાબુમાં લેવામાં નહીં આવે તો સમાજને તેના નુકસાનકર્તા પરિણામ ભોગવવા પડશે. આ બાબતે સમાજને ઓછામાં ઓછું નુકસાન થાય અને સગાઈ તૂટવાના તેમજ છૂટાછેડાના બનાવો ઉપર કાબુ મેળવી શકીએ એ અંગે આ સાથે વિવિધ પાસોઓનો અભ્યાસ કરી, જ્ઞાતિ ટ્રસ્ટ પોતાના મંતવ્યોની આપની સમક્ષ રજૂઆત કરે છે. અમારા મંતવ્યો સમજવાની કોશિષ કરશો. આ સાથે યુવક-યુવતી, મા-બાપ અને વડીલોને પોતાની વિચારસરણીમાં બદલાવ લાવવાની હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ. આશા છે આપ સૌ પોતાની વિચારસરણીમાં પરિવર્તન કરશો તો આ એક ગંભીર બાબત ઉપર જરૂર કાબૂ મેળવી શકીશું.

**જ્ઞાતિ ટ્રસ્ટના મંતવ્યો :**

સમાજ વિસ્તરતો જાય છે ભૌગોલિક રીતે બધા એકબીજાથી દૂર વસે છે. તેમ કેટલીક સામાજિક વિટંબણાઓ પણ ઊભી થાય છે. જુના રિવાજો બરાબર પાડી શકાતા નથી અને નવી ધારા કોઈ લાભ કરી આપતી નથી. આપણા સમાજમાં યુવક-યુવતી માટે યોગ્ય પાત્ર શોધવાનાં પ્રશ્ને ઘણીવાર મા-બાપને નાકે દમ આવી જાય છે. એક એવો જમાનો હતો કે સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દિવાલોમાં જ હતું. નાની ઉંમરમાં લગ્ન થવાના કારણે છોકરીઓ શાંતિથી ચૂપચાપ સાસરીયામાં સમાઈ જતી. તે સમયે લગ્ન પહેલા કન્યા જોવાનો રિવાજ ન હતો. કન્યા પણ નાની બાળકી હોય, યુવતી ન બની હોય, એક લગ્નસંબંધ બે કુટુંબના સંબંધ નિભાવતા.

સમય બદલાયો, સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી અને આર્થિક આત્મનિર્ભરતાનો પવન ફૂંકાયો, કન્યાના લગ્નની વય વધીને, આધુનિકતાના ઓઠા હેઠળ છોકરા-છોકરીને જોવાનું અને પસંદગીનો પ્રચલન શરૂ થયો. કેમ કે ૨૨ થી ૨૩ વર્ષની કન્યા પરિપકવ બની જતી હોય છે. આ કારણે છોકરાવાળા છોકરીને જોવા ઈચ્છતા હોય છે કે આ છોકરી તેમના ઘર, કુટુંબમાં અનુકૂળ થઈ શકશે ખરી ? પરંતુ આ નવો શરૂ થયેલો રિવાજ ઉપરછલ્લો જ રહ્યો. પ્રશ્ન એ થાય છે કે છોકરા-છોકરી જોવાના બે-ચાર કલાકના ટૂંકાગાળામાં શું છોકરો કે છોકરી જેવા છે તેવા પ્રગટ થાય છે ખરા ? અલબત્ત પોતાની ઘણી ઊણપો છૂપાવવાની બંને પક્ષે તક તો રહે જ છે. તો આ બાબતે શું કરી શકાય ? આજના સમયમાં છોકરા-છોકરી જોવાનું જેટલું અગત્યનું છે એટલું જ અગત્યનું બંને પક્ષે એકબીજાને સમજવાનું છે. આ માટે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

ઘરમાં છોકરી લગ્ન કરવા જેવડી થાય અથવા ઘરમાં તેના લગ્ન અંગે ચર્ચા થવા લાગે ત્યારે સૌથી પહેલાં છોકરીએ પોતાના લગ્ન વિશે પોતાના વિચારો વડીલો પાસે સ્પષ્ટ રજૂ કરી દેવા જોઈએ અથવા મા-બાપે છોકરીને પૂછવું જોઈએ કે કેવો પાત્ર ઈચ્છે છે જેમકે....

૧) છોકરો વેપાર ધંધો કરતો હોય, નોકરી કરતો હોય કે ગમે તે ચાલે.

૨) છોકરો કેવી સ્થિતિનો હોવો જોઈએ, સામાન્ય કુંટબનો, મધ્યમવર્ગના કુંટબનો કે પછી ગર્ભશ્રીમંત કુંટુબનો.

૩) છોકરો સંયુક્ત કુંટુબનો હોવો જોઈએ કે વિભક્ત કુટુંબનો.

૪) છોકરો સ્થાનિક હોવો જોઈએ કે બીજા શહેરમાં કે પછી ગામડામાં પણ ચાલે.

૫) છોકરાને પોતાનું ઘર હોવું જોઈએ કે ભાડાના મકાનમાં રહેતો હોય તો પણ ચાલે.

૬) છોકરો અભ્યાસમાં તમારી સમકક્ષ કે ઓછું-વધુ ભણેલો ચાલે.

૭) છોકરો ગોરો, શ્યામ, ઘઉંવર્ણ હોય કે ગમે તેવો ચાલે.

૮) છોકરાની ઊંચાઈ કેટલી હોવી જોઈએ.

૯) છોકરાનું કુટુંબ આધુનિક વિચારસરણીવાળું હોવું જોઈ કે પછી રૂઢિચુસ્ત ચાલે.

૧૦) લગ્ન કર્યા પછી તમે નોકરી-વ્યવસાય કે અભ્યાસ કરવા ઈચ્છો છો.

૧૧) કોઈ વિશેષ બાબત જેમ કે - નણંદો પરણેલી જ હોય, ઘરમાં તમે જ નાની કે મોટી પુત્રવધુ હો.

ઉપરોક્ત અથવા તમે જે નક્કી કર્યું હોય તેમાંથી કઈ બાબત ઉપર તમે પૂરેપૂરા દ્રઢ છો અને કઈ બાબતમાં બાંધછોડ થઈ શકે તેમ છે. આમ તો આ બધી બાબતો છોકરીએ જ નક્કી કરવાની છે કેમ કે તેણે જ છોકરાની સાથે જીવનભર રહેવાનું છે. પરંતુ આપણે ત્યાં મોટાભાગે આવી બાબતો મા-

બાપ જ નક્કી કરે છે. મા-બાપે આ બધી બાબતોની ચર્ચા દીકરી સાથે કરવી જોઈએ. જો તમે એમ માનતા હોય કે દીકરીએ કંઈ જ નક્કી કરવાનું નથી તો પણ મા-બાપે એ બાબત નક્કી કરવી પડે કે તેઓ કેવો જમાઈ ઈચ્છે છે. આ ઉપરાંત બંને પક્ષોએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબતો...

૧) સંબંધ બાંધવામાં યુવક-યુવતીની સ્વેચ્છાએ સહમતી હોવી જોઈએ નહીં કે કૌટુંબિક દબાણ.

૨) સંબંધ બાંધતા પહેલા હાલના પરિવર્તનશીલ સમયમાં જન્માક્ષર મેળવવા ઉપરાંત વૈજ્ઞાનિક અભિગમ દાખવી બંને પક્ષોએ શારીરિક મેડિકલ રિપોર્ટનો આગ્રહ રાખવું જોઈએ.

૩) યુવક કે યુવતી બંનેની આવક તેમજ કૌટુંબિક આર્થિક પોઝીશન ધ્યાનમાં લેવી જોઈએ.

૪) આવક વ્યક્તિગત છે કે સંયુક્ત પરિવારની તે પણ ધ્યાનમાં લેવી જોઈએ.

૫) બંને પક્ષે શૈક્ષણિક, આર્થિક તેમજ કુટુંબની સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં લેવી જોઈએ.

૬) પાત્ર પસંદગી વખતે માત્ર રૂપ ન જોતાં ગુણને પ્રાધાન્ય આપવું જોઈએ.

૭) દહેજ-કરિયાવર અંગેના વિચારો છોકરાવાળા પાસેથી જરૂર જાણવા.

૮) બંને પક્ષના બર્થ સર્ટિફિકેટ જોવા જોઈએ જેથી ઉંમર અંગે ચોક્કસ ખ્યાલ આવી શકે.

સગાઈની વાતચીત શરૂ કરતાં પહેલાં કે છોકરા-છોકરીને જોયા પહેલા આટલી તૈયારી કરી લેવાથી કોઈપણ છોકરી અને તેના કુટુંબીજનો ઘણી માનસિક, સામાજિક મુશ્કેલીઓમાંથી બચી શકે છે. આ તો છોકરા-છોકરી જોવા પહેલાંની પૂર્વ તૈયારી છે અને એના ઉપર જ છોકરા-છોકરી જોવાના રિવાજની સફળતા રહેલી છે. ઉપરોક્ત ઘણી બાબતો નક્કી થઈ ગયા પછી જ્યારે છોકરા સાથે તમારી દીકરીના સંબંધની વાત શરૂ થાય ત્યાર પહેલા આ બધી બાબતોના સંદર્ભમાં છોકરાને ચકાસી જુઓ. તમે ઈચ્છતા હો તેવો છોકરો લાગે તો જ વાત આગળ વધારો અને એકબીજાને જોવા મળવાનું શરૂ કરો.

છોકરાવાળા તમારી દીકરીને જોવા તમારે ઘેર આવે તેમાં કંઈ ખોટું નથી. પરંતુ દીકરીવાળાએ પણ છોકરા ઉપરાંત તેમના કુટુંબીજનોને મળવું જોઈએ અને ઓળખવા જોઈએ તેમ દીકરીને તેમના ઘેર લઈ જવી જોઈએ. કેમ કે સંબંધ બંધાયતો જ્યાં જેમની સાથે દીકરીને રહેવાનું છે બની શકે તો છોકરાને આપણે ઘેર બોલાવવા કરતા છોકરીને તેમને ઘેર લઈ જવી જોઈએ અને ખાસ ખ્યાલ રાખવું જોઈએ કે છોકરીને સોળે શણગાર સજવાની જરૂર નથી કે બ્યુટિપાર્લરમાં જવાની જરૂર નથી. સાધારણ પોષાકમાં જ તેમની સામે જવું જોઈએ. જેથી તમે જેવા છો તેવા તમને જોઈ શકે. આ સીલસીલો એક-બે મહિના સુધી ચાલુ રાખવો જોઈએ. છોકરા-છોકરીને મળવાની અનેકવાર તક આપવી જોઈએ. જેથી બંને પોતાના ભવિષ્ય વિશે શું શું વિચારો ધરાવે છે તેની આપ-લે કરી શકે. તેમજ એકબીજામાં તથા પરિવારમાં એડજેસ્ટ થઈ શકશે કે નહીં તેનો નિર્ણય કરી શકે. આપણે દીકરીને ખાસ ભલામણ કરવાની કે મળતી વખતે કોઈપણ પ્રકારની મર્યાદા ઓળંગવી નહીં. તેમ છોકરાને પૂછવાનું કે હું તને શું ગમું છું ? છોકરો કહે કે મા-બાપને પૂછીને જણાવીશ તો આ વાત ત્યાં જ પુરી કરી નાખવી જોઈએ. તેવી સૂચના દીકરીને આપવી જોઈએ. ૧ થી ૨ મહિનાનો સમયગાળો રાખવાનું તેમજ મળવાનું કારણ એજ છે કે બંને જણ પોતાને સારી રીતે સમજી શકે, ઓળખી શકે.

છોકરા-છોકરી જોવાના રિવાજમાં પરિવર્તન લાવવું જરૂરી છે. કેમ કે આજકાલ થોડીવારમાં એકબીજાને જોઈને સગપણ કરી નાખવામાં આવે છે. પછી લગ્ન પહેલા મહિનાઓ સુધી સાથે સાથે ફરે છે. સાથે ફરવામાં કંઈપણ નાની-મોટી સમજણફેર થવાથી એકબીજાને સમજવાની કોશિષ કરવાને બદલે સગાઈ તોડવાનું નિર્ણય કરી લે છે. જેને ઘણા મા-બાપ કોઈપણ જાતની જાણકારી મેળવ્યા વગર લીલીઝંડી આપી દે છે. આ કારણે જ એકબીજાને સમજવા માટે સમય આપવો જરૂરી છે. ત્યારપછી જ સગાઈ કરવામાં આવશે તો તેનો પરિણામ સુખદ આવશે.

આવી જ રીતે લગ્નબાદ પણ અનેક કારણોસર છૂટાછેડા લેવામાં આવે છે તે માટે ખાસ જણાવવાનું કે આપણા દીકરા-દીકરીઓને લગ્ન એટલે શું ? એ બાબતનું જ્ઞાન આપવું જરૂરી છે.

લગ્ન એ માત્ર એક પ્રસંગ કે રિવાજ નથી પરંતુ તેનાથી કંઈક વિશેષ છે. લગ્ન દ્વારા સ્ત્રી-પુરુષે એક નથી થવાનું પરંતુ એકમેક થઈ જવાનું હોય છે. લગ્ન એટલે જીવન સફરની આજીવન ટિકીટ. એક વાક્યમાં કહેવું હોય તો લગ્ન એટલે હું માંથી અમે થઈ જવાની ઘટના.

આજના સમયની કડવી સચ્ચાઈ એ છે કે ઘરબાર, સાસુ-સસરા, નણંદ, દિયર, બાળકોએ બધાને સ્ત્રી એકલે હાથે

સંભાળતી હોય છે છતા ઘરમાં એનું કોઈ નથી સાંભળતું. એની ભાવનાઓ, એના અરમાનો, એના સપનાઓ તરફ કોઈ નજર સુધ્ધાં નથી નાખતું. સ્ત્રી પરણીને આવે તેનો અર્થ એ નથી કે તે આપણી ગુલામ છે. દરેક પુરુષે એ યાદ રાખવું જોઈએ કે એણે લગ્ન એક સ્ત્રી સાથે નથી કરવાના પણ એની ભાવનાઓ, અરમાનો, સપનાઓ અને લાગણીઓ સાથે કરવાના હોય છે.

સ્ત્રી જ્યારે લગ્ન કરીને ઘરની બહાર પગ મૂકે છે એ સાથે જે એના પિતાનું ઘર પરાયું બની જતું હોય છે. લગ્નબાદ સ્ત્રીનો બીજો જન્મ થતો હોય છે. એણે પતિના પરિવારને પોતાનું પરિવાર બનાવીને એમની સારસંભાળ રાખવાની હોય છે. જ્યારે અમુક વ્યક્તિઓ એવું સમજે છે કે લગ્ન એટલે પતિ અને પત્નીનો સંબંધ બસ. આના કારણે જ લગ્નબાદ આજની યુવતી સંયુક્ત પરિવાર સાથે એડજેસ્ટ થઈ શકતી નથી. એના લીધે પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ શરૂ થઈ જાય છે અને આખરે ઘર ભાંગે છે. આજની દરેક યુવતીઓ યાદ રાખી લેવાની જરૂર છે કે સ્ત્રીએ માત્ર પુરુષ સાથે લગ્ન નથી કરવાના. સ્ત્રીની ફરજ છે કે પતિના પરિવારનો ઉછેર અને તેમાંથી ઉત્તમ સમાજનો નિર્માણ કરવાનો હોય છે.

વર્તમાન સમયની ભૌતિકતાવાદ તરફની આંધળી દોટ જેના પરિણામે પરસ્પર અસંતોષ તેમજ ઉપેક્ષાની ભાવનાનો જન્મ થાય છે. જેના કારણે અંદરોઅંદર ઝઘડાઓ થાય છે. જે પરિવારને ખૂબ જ નુકશાનકર્તા બને છે. તે ઉપરાંત વ્યસન જીવનને વિષમય બનાવી મૂકે છે. આજના સમયમાં આ બાબતે દરેક સમાજમાં આગ લગાડી છે. જેના પરિણામ સ્વરૂપ ઘણાં પરિવારો કૌટુંબિક તેમજ આર્થિક રીતે ખુવાર થઈ રહ્યા છે માટે પોતાની શક્તિઓને ધ્યાનમાં લઈને જ વાસ્તવિક જીવન જીવવું જોઈએ નહીં કે અન્યોની વૈભવી જીવનશૈલીથી ગેરમાર્ગે દોરવાઈને પોતાનું લગ્નજીવન જોખમાં મૂકવું ન જોઈએ.

લવ મેરેજ નિષ્ફળ જતાં હોય છે. લવ મેરેજ કરવામાં કંઈ ખોટું નથી, પણ યુવક હોય કે યુવતી હોય એક વાતનું હંમેશા ધ્યાન રાખવાનું કે પ્રેમજીવન અને લગ્નજીવનમાં બહુ મોટો ફરક હોય છે. પ્રેમમાં છુટીછવાઈ મુલાકાતો, બાગ-બગીચાના આલીંગનો અને સિનેમા હોલના અંધકારમાં લીધેલી છૂટછાટો હોય છે. જ્યારે લગ્નજીવનમાં કૌટુંબિક જવાબદારી નામની હકીકતોનો સામનો કરવાનો હોય છે. જેની સાથે ધડકતા દિલની વાત કરી હોય એની સાથે રાશનના બીલની વાત કરવાની હોય છે. જો સાચો પ્રેમ હશે તો કંઈ વાંધો નહીં આવે પણ જો માત્ર આકર્ષણ હશે તો પ્રેમલગ્ન નિષ્ફળ જશે.

લગ્નજીવન ત્યારે જ સફળ થાય છે જ્યારે પતિ-પત્ની એકબીજાના શોખ કેળવે, હું પદ છોડીને એકબીજાની લાગણીઓ અને માંગણીઓને માન આપે. સામેવાળો કહે તે સાવ ખોટું, નકામું અને હું કહું એજ સાચું એ ભાવવાને તિલાંજલિ આપે. એકબીજાની ભાવનાઓને સમજવી પડે. એકબીજાના શોખ કેળવવા પડે. સૌથી મોટી વાત તો એ છે કે એકબીજા માટે કંઈક જતું કરીએ, કંઈક ગમતું કરીએ. એકબીજાની શોખ, ટેવો વગેરેનો સહજતાની સ્વીકાર કરવાનો હોય છે. આ સંબંધ તને ગમે એ મને ગમે અને મને ગમે એ તને ગમેનો છે. બસ, આટલું સમજાય જાય તો એકબીજાને ગમતા રહેશો.

લગ્નસંબંધ નથી, સ્નેહનું ગઠબંધન છે. એ વાત દરેક દંપતીએ યાદ રાખવી જોઈએ. પતિ કે પત્નીએ પોતાના તાબામાં રાખવાની ભાવના ધરાવતા લોકો હંમેશા દુઃખી થતા હોય છે. પતિ આ રીતે જ વર્તવો જોઈએ કે પત્નીએ આ રીતે જ બીજા સાથે વ્યવહાર રાખવું જોઈએ એવી માનસિકતા આખરે લગ્નજીવનને દોજખ બનાવી દેતી હોય છે. પતિ કે પત્નીનું કોઈ વર્તન જ્યારે આપણને ન ગમે ત્યારે એની સાથે ઝઘડવાના બદલે એને શાંતિથી સમજાવવું જોઈએ કે એનું વર્તન આ કારણસર યોગ્ય નથી. ખોટા ખોટા દબાણો અને જોહુકમી કરીને લગ્નજીવન વેડફવાનો કોઈ અર્થ નથી.

લગ્નજીવન આમ જુઓ તો ખાંડાની ધાર જેવું છે અને આમ જુઓ તો ગુલાબની પાંદડી જેવું છે. જેવી જેની આવડત અને સહનશીલતા એવું એ જીવી જાણે. મોટેભાગે એવું બનતું હોય છે કે એક પાત્ર ખરાબ હોય એટલે બીજું પાત્ર સંબંધ તોડી નાખતું હોય છે. પણ ખરેખર તો તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. બીજીએ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે પતિ-પત્નીએ એકબીજાના કાર્યોમાં પૂરક થવાની જરૂર છે. ભલે ગમે તેટલું કષ્ટ વેઠવું પડે પણ બંનેએ એકબીજાના સુખ-દુઃખમાં અને કાર્યોમાં જરૂર સાથ આપવું જોઈએ.

આ રીતે પતિ-પત્ની એકબીજાને સમજતા હોય તે દંપતી ક્યારે પણ દુઃખી થતા નથી અને તેઓના લગ્નજીવનમાં ક્યારે પણ છૂટા પડવાનો પ્રશ્ન ઊભો થતો નથી એ એક હકીકત છે માટે ઈશ્વરે તમારા જીવનમાં જીવનસાથી તરીકે જે પાત્રને ગોઠવ્યું હોય તેને પુરા દિલથી, સમર્પણભાવથી, નિષ્ઠાથી સ્વીકારી પ્રેમ કરો. સ્વર્ગ ઉપર આકાશમાં ક્યાંય નથી, અહીં જ છે તમારી પાસે... તમારું પોતાનું...

હવે, બે શબ્દો મા-બાપ, વડીલો માટે....

આજના સમયમાં મા-બાપે ઘણી ઘણી બાબતોનો ખ્યાલ

રાખવાનો હોય છે. વર્ષો પહેલાં સંયુક્ત પરિવાર એક જુદા પ્રકારનો અનુભવ હતો. માતા-પિતાને સાથે રાખવાનો સંતાનોની ફરજ હતી. એ વિશે કોઈ ચર્ચા કે સવાલો ક્યારે પણ ઉઠ્યા ન હતા. છેલ્લા થોડા વર્ષોમાં પરિસ્થિતિએ ન માની શકાય એવો વળાંક લીધો છે.

કુટુંબની વ્યાખ્યા હવે પતિ-પત્ની અને સંતાનો સુધી સીમિત રહી છે. દરેક સમાજમાં આવા બદલાવ માટે પશ્ચિમને જવાબદાર ઠેરવીને છટકી જવાનું આપણને અનુકૂળ પડે છે. છૂટાછેડા માટે પશ્ચિમની અસર, યુવક-યુવતીના બગડવા માટે પશ્ચિમની અસર હવે સંયુક્ત કુટુંબ તૂટવા માટે પણ પશ્ચિમની અસર દરેક સમયે દીકરાઓને જવાબદાર ઠેરવી દેવાથી મા-બાપ સાચા ઠરે એવું માનવું ભૂલ ભરેલું છે. આપણે સૌ જાણીએ છીએ કે કોઈપણ નિયમ માટે અપવાદ હોય છે.

એવી જ રીતે બદલાતા સમય સાથે બદલાતા સંબંધો પણ ઘણા ખરા અંશે તૂટતા કુટુંબ માટે જવાબદાર છે. વર્ષો પહેલા પુરુષો ધંધાથી કે નોકરીએથી પાછા આવે ત્યારે પત્ની રસોઈ તૈયાર કરીને, સંતાનોનું લેશન પતાવીને એમની રાહ જોતી હોય. સાસુ-સસરાને સાચવવા કે સામાજિક પ્રસંગે વ્યવહાર જાળવી લેવા તે સ્ત્રીની ફરજ હતી. જે માટે ભાગે તેઓ આનંદપૂર્વક નિભાવતી. પરંતુ થોડા સમયમાં ઘણું બદલાઈ ગયું. કામ કરતી કે વ્યવસાયિક પુત્રવધુ દરેક બાબતમાં સાસુ-સસરાની લાગણી કે જરૂરિયાતને માન ન આપી શકે એને સ્વાભાવિકતાથી જોવાને બદલે કે મદદરૂપ થવાના બદલે એ શું નથી કરતી એના ઉપર ધ્યાન આપતાં સાસુ-સસરાએ વહુની જિંદગી હરામ કરવા માંડી. બીજી તરફ બહાર કામ કરીને આવેલો પુરુષ હવે જુદા પ્રકારની હરિફાઈ અને મુશ્કેલીઓનો સામનો કરવા લાગ્યો. મોંઘવારી વધવા લાગી, પહેલાંના સમયમાં જે પ્રકારના વ્યવહાર થતા હતા એવા શક્ય રહ્યા નહીં. તેમ છતાં માતાપિતાને સાચવવાનો પ્રયત્ન કરતો દીકરો તેમની ફરિયાદ સાંભળે કે પછી પોતાની સાથે ખભેખભો મિલાવીને આર્થિક તથા સામાજિક જવાબદારી વહેંચતી પત્નીની વાત ઉપર ધ્યાન આપે ?

પોતાના સંતાનોનું ભવિષ્ય, પત્નીના વેડફાઈ રહેલા શ્રેષ્ઠ વર્ષો અને સાથે સાથે પોતે જેવું જીવવા ઈચ્છે છે તેવું નહીં જીવી શકવાનું દુઃખ માણસને તોડી નાખે છે. એવા સમયે જ્યારે પોતે બધું કરી છૂટવા જતા માતાપિતાનો અભાવ અને ફરિયાદો ચાલુ રહે છે ત્યારે માણસ માનસિક રીતે ભાંગી પડે છે. ઘરમાં કલેશ-કંકાસ અટકતો નથી, સતત પુત્રવધુને ટોકતા માતાપિતા પુત્રવધુનો અપમાન મેળવતા થઈ જાય છે. અધિકારોની લડાઈમાં સાસુ-વહુ સામસામે એવી ઉતરી પડે છે કે એકબીજાના પદનો, પ્રતિષ્ઠાનો કે પ્રેમને ભૂલીને ફક્ત એકબીજાની વિરુદ્ધ વિચારતા થઈ જાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે સમજદારી વગરના સંબંધો ટકી શકતા નથી. છૂટાછેડાનું જે કારણ છે તેજ કારણ મા-બાપથી અલગ થવાનું છે. જેમ પતિ-પત્ની સાથે રહીને કંકાસ કરતા કરતા છૂટા પડવાનું પસંદ કરે છે. એવી રીતે સંતાનો પણ રોજ રોજની કંકાસથી કંટાળીને માતાપિતાથી અલગ થાય છે. ખરેખર તો એ પોતાની પત્નીને કાઢી શકે તેમ નથી કારણકે પત્ની ઉપર સંતાનોનું ભવિષ્ય, સામાજિક પ્રતિષ્ઠા અને આખા જીવનનું માળખું ટકેલું હોય છે. સુખી થવાના તમામ પ્રયત્નો કરવા છતાં પણ પરિસ્થિતિ કાબુ બહાર નીકળી જાય ત્યારે આજનો માણસ પોતાને કેન્દ્રમાં રાખીને વિચારતા શીખી ગયો છે.

માતાપિતાનું ધ્યાન રાખવું, એમની જવાબદારી લેવી એ દરેક સંતાનની ફરજ છે જે એણે પુરી કરવી જોઈએ. પરંતુ એની સાથે બદલાયેલા સમય સાથે માતાપિતાએ બદલવું જોઈ અને નાના મોટા સમાધાન કરતાં શીખવું જોઈએ. માતાપિતા જો એવું ઈચ્છતા હોય કે સંતાન જવાબદારી લે તો એને અધિકાર પણ આપવા જ પડે છે. પુત્રવધુ પાસેથી હઠાગ્રહ કે દુરાગ્રહ કરીને ધાર્યું કરાવવાનું પ્રયત્ન અંતે કુંટુંબાં કલેશ નોતરે છે. સંતાનની જિંદગીમાં સતત દખલ દેવાનો પ્રયાત અંતે કૌટુંબિક વિખવાદ તરફ દોરી જાય છે અને જે માતાપિતા કંટ્રોલ છોડવા માંગતા નથી એમણે અંતે ઘર છોડવું પડે છે.

આ રીતે અમે આપ સૌ સમક્ષ હૃદયપૂર્વક રજુઆત કરી છે. આપ સૌ જરૂર અમારા મંતવ્યોનો અભ્યાસ કરશો અને જરૂર જણાય ત્યાં તમારી વિચારસરણીમાં પરિવર્તન કરશો તો આપણો સમાજ આવી ગંભીર બાબતો ઉપર જરૂરથી કાબૂ મેળવી શકશે તે માટે અમે ખૂબ જ આશાવાદી છીએ.

જય માતાજી- જય સમાજ ■

## શ્રદ્ધાંજલી

ગત તારીખ ૨૪-૫-૨૦૧૨ના રોજ અમદાવાદ નિવાસી **ગં.સ્વ. હરગૌરીબેન કિશોરચંદ્ર કંસારા**નું અમદાવાદ મધ્યે જૈફ વયે અવસાન થયું. સદ્‌ગત આપણી જ્ઞાતિના સભ્ય શ્રી રોહિતભાઈના માતુશ્રી થાય.

પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ આપે અને એમના પરિવારજનોને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી સેતુ પરિવારની નમ્ર પ્રાર્થના.

# મેડિકલ કુંડળી મિલાવે જોડી

શ્રદ્ધા બિલવાલ, અમદાવાદ


**★ યંગસ્ટર્સમાં પ્રિ-મેરેજ મેડિકલ ટેસ્ટનું પ્રમાણ ૨૦ ટકા વધ્યું**

**★ પેરેન્ટ્સ પણ ટેસ્ટ માટે સહકાર આપે છે**

સુહાનીના જ્યારે ગોળધાણાં થયાં ત્યારે તે પોતાની જાતને દુનિયાની સૌથી નસીબદાર અને સુખી યુવતી સમજતી હતી. જો કે તેની ખુશી વધુ સમય સુધી ટકી શકી નહીં કારણકે જ્યારે તેને ખબર પડી કે તેના પાર્ટનરને નાની ઉંમરમાં જ થેલેસિમિયા મેજરની સમસ્યા છે. સુહાની તો લકી સાબિત થઈ કે તેણે પોતાનો અને તેના પાર્ટનરના પ્રિ-વેડિંગ મેડિકલ ટેસ્ટ્સ કરાવી લીધાં હતા. સુહાનીની જેમ ઘણા યંગસ્ટર્સ ડિગ્રી, ફેમિલી બેક-ગ્રાઉન્ડ્સ, કમ્પેટિબિલિટીની સાથે લાઈફ એક્સપેક્ટેન્સી ચેક કરવા માટે મેડિકલ ટેસ્ટ્સ કરાવતાં થયાં છે.

આ વિશે ફિઝિશિયન ડો. ઓમપ્રકાશ મોદીએ કહ્યું હતું કે, બે વ્યક્તિએ લગ્નનો નિર્ણય લેતાં પહેલાં મેડિકલ ટેસ્ટ કરાવી લેવા જોઈએ કારણકે જ્યારે તેઓ ફેમિલી પ્લાનિંગ કરતાં હોય તે વખતે ઘણાં કોમ્પિલિકેશન્સ થતાં હોય છે. યંગસ્ટર્સની સાથે તેમનાં પેરેન્ટ્સ પણ ભવિષ્યમાં તેમના બાળકોને હેલ્થને રિલેટેડ કોઈ સમસ્યા ન ઉદ્ભવે તે માટે મેડિકલ ટેસ્ટ કરાવી લેતાં હોય છે. મોટાભાગે મેડિકલ ટેસ્ટ કરાવતી વખતે થાઈરોઈડ, હાર્ટ ડિસીઝ, ડાયાબિટીસ, એચ.આઈ.વી., થેલિસિમિયા વગેરે સમસ્યાઓ માટેના ટેસ્ટ્સ કરાવી લેવા જોઈએ. ત્રણ વર્ષ અગાઉ લગ્ન પહેલા મેડિકલ ટેસ્ટ્સનો રેશિયો ઘણો ઓછો હતો. અગાઉ મારી પાસે છ મહિનામાં માંડ ત્રણેક ટકા કેસ નોંધાતા હતાં જેનું પ્રમાણ હવે વધીને ૧૫ થી ૨૦ ટકા સુધીનું વધ્યું છે. ફિઝિશિયન ડો. ભરત શાહે પ્રિ-વેડિંગ મેડિકલ ટેસ્ટ્સનું મહત્વ સમજાવતા કહ્યું કે, નાની ઉંમરે ડાયાબિટીસ કે ઓબેસિટીની સમસ્યા હોય તેમને ભવિષ્યમાં બાળક કન્સિવ કરાવવામાં મુશ્કેલી થાય છે. આ પ્રકારની સમસ્યાઓથી બચવા માટે યુગલોએ તેમનું ચેકઅપ કરાવી લેવું જોઈએ. યંગસ્ટર્સમાં આ મામલે જાગૃતિ જોવા મળી છે, પરંતુ તેમનાં માતા-પિતાએ પણ જાગૃત થવાની જરૂર છે. યુવાનોમાં લગ્ન પહેલા મેડિકલ ચેકઅપનું પ્રમાણ વધ્યું છે. તાજેતરમાં જ પ્રિ-મેરેજ મેડિકલ ટેસ્ટ કરાવનારા કપલ ધ્રુવલ અને પૂજા શાહ (નામ બદલ્યું છે) કહ્યું કે, આજની જનરેશનને એચ.આઈ.વી. સહિતના ટેસ્ટનું મહત્વ સમજાયું છે. અમે જ્યારે પેરેન્ટ્સ સમક્ષ લગ્ન પહેલા એકબીજાનો મેડિકલ ટેસ્ટ કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેમને અજુગતું લાગ્યું હતું. પરંતુ અંતે અમારા સુરક્ષિત ભવિષ્ય માટે તેઓ તૈયાર થયા હતાં. આમાં હું અને મારા પાર્ટનર બંને ખૂબ જ કમ્ફર્ટેબલ હતા. બંને એજ્યુકેટેડ હોવાથી એકબીજાને માઠું લાગવાનો પ્રશ્ન પણ ઉદ્ભવ્યો ન હતો. ■

**આ ટેસ્ટના ગુણાંક પણ મેળવવા જોઈએ**




**લગ્ન બાદ સંઘર્ષ ટાળવા ગાયનેક સમસ્યાઓનું નિરાકરણ લગ્ન પહેલાં લાવી દેવું જોઈએ**

અમદાવાદ મેડિકલ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી ડો. પ્રજ્ઞેશ વચ્છરાજાની માને છે કે લગ્ન બાદ થતી મોટી સમસ્યાઓથી બચવા માટે પ્રિ-મેરેજ મેડિકલ ટેસ્ટ્સ કરાવવામાં કોઈ ક્ષોભ અનુભવવા જેવું નથી. યુવતીઓએ લગ્ન પહેલાં રુબેલા વાઈરલ ઈન્ફેક્શન માટેનું ઈન્જેકશન મૂકાવી લેવું જોઈએ. જેથી તેમને પ્રેગ્નેન્સીમાં કોઈ મુસીબત ન થાય. આ ઉપરાંત યુગલમાં કોઈ એકને થેલિસિમિયા મેજરની સમસ્યા હોય તો લગ્ન કરવું ટાળવું કારણકે તેવી વ્યક્તિનું સ્વાસ્થ્ય જીવન ખૂબ જ સંઘર્ષમય હોય છે. વળી, તેઓનું બાળક પણ થેલિસિમિયા મેજરનું શિકાર બની શકે છે. શહેરના યંગસ્ટર્સમાં લગ્ન પહેલાં મેડિકલ ચેકઅપ કરાવવાનો રેશિયો ૧૦ થી ૧૫ ટકા વધ્યો છે.

*સૌજન્ય : 'દિવ્ય ભાસ્કર'*

આ તો થઈ ગંભીર વાત. જેને આજનો યુવા-વર્ગ સ્વીકારે છે. હવે એક હળવી વાત, માત્ર રમૂજ ખાતર. આ વાત છે ભાવી 'વર-વધુ'ની કુંડળી મેળવવાની. મળતી હોય તો ઠીક નહીં તો ગમે તેમ મેળવી દેવાની. એ જ રીતે આધુનિક 'સાસુ-વહુ'ની કુંડળી મેળવી લેવી જરૂરી છે. સુજ્ઞ 'સમાજ-જ્ઞાની' આવી કુંડળી બનાવી આપશે તો 'સેતુ'માં એને સાભાર પ્રકાશીત કરીશું.

- મુખ્ય તંત્રી

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

# સમાધાન અભિયાન

## સમજણના સૂર

### આદર્શ પરિવાર

પરિવારમાં બંધારણ ન હોય વ્યવસ્થા હોય.
સૂચના નહિ પણ સમજણ હોય.
કાયદો નહીં અનુશાસન હોય.
ભય નહિ ભરોસો હોય.
શોષણ નહિ પોષણ હોય.
સ્વાર્થ નહિ પણ પ્રેમ હોય.
ક્લેશ નહિ કદર હોય.
આગ્રહ નહિ પણ આદર હોય.
ફરિયાદ નહિ પણ સહકાર હોય.
શાસન નહિ પણ સહકાર્ય હોય.
બેદરકારી નહિં પણ કાળજી હોય.
ધૃણા નહિ પણ પ્રેમ હોય.
સંપર્ક નહિ પણ સંબંધ હોય.
સમજ સાથે સર્જન હોય.

**- પ્રેમજીભાઈ કેશવજી સોની**
**(સ્વર્ણિમ સમાજ વિશેષાંકમાંથી)**

| પ્રભુલાલ ખેતશી સોની | શિવલાલ શામજી સોની | પ્રેમજીભાઈ કેશવજી સોની |
|---|---|---|
| પ્રમુખશ્રી | ચેરમેન - સામાજીક સમિતિ | મહામંત્રી |

**સૌજન્ય : સોની કાનજી ગોવિંદજી - અંજાર**

# સંબંધ વિચ્છેદ સમસ્યા - સમાધાન

સોની વીણા જે. બગા - મુંબઈ

સંબંધ-વિચ્છેદ સમસ્યાના મૂળમાં ઊંડા ઉતરીને જો તેને અભ્યાસ કરવામાં આવે તો જરૂર તેનો ઉકેલ મેળવવા માટે મદદરૂપ થાય એવા મુદ્દા મેળવી શકાય.

સૌ પ્રથમ લગ્ન-જીવન ત્યારે જ સફળ થાય જ્યારે ઘરના દરેક સભ્યો એકબીજાને સહકાર આપે. વડિલો દિલમાં ક્ષમા-ભાવનાની લાગણી રાખે. યુવાનો આદર-સન્માન આપે, આમન્યામાં રહે અને બાળકો વડીલોની આજ્ઞાનું પાલન કરે.

દિકરી જ્યારે પરણીને શ્વસુરગૃહે આવે ત્યારે એનું પદ બદલાઈ જાય છે. એ પુત્રવધુ બને છે તો આ પદને અનુકૂળ થવા માટે થોડો સમય અને સહાયતાની જરૂર છે એ એને પુરતી માત્રામાં આપો.

પત્નીએ પણ સમજવાની જરૂર છે કે પતિનો પ્રેમ જીતવો હોય તો સૌ પ્રથમ એણે પતિના કુટુંબીજનોનો પ્રેમ સંપાદન કરવો પડશે. આપણામાં કહેવત છે કે સો સોનાનું સાસરું હોય પણ શરૂઆતનો સમય (દાયકો) તો સહન કરવાનો જ છે. માટે સહનશીલતા તો કેળવવી જ રહી.

બાકી લગ્ન એ બંધન નથી પણ સ્નેહનું ગઠબંધન છે. પાનેતર અને રાડી વચ્ચે બાંધેલા છેડાછેડી ઉપર લગ્નજીવવનો પાયો રચાયેલો છે. એ પાયાને મજબૂત કરીએ.

ખરો પ્રેમ એને જ કહેવાય જે એકબીજાના દોષ ન જુએ. એકબીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના રાખે એકબીજાને ગમતા થઈને રહે.

બાકી દિકરી તો મા-બાપના વ્હાલનો દરિયો છે. પણ એ જ દિકરી પુત્રવધુ બનીને સાસરાના વ્હાલનો મહાસાગર બને તો જ જીવન સાર્થક ગણાય.

ખેર, આ તો થઈ દિકરીની વાત. દિકરો (પતિ) પણ પોતાની ફરજો નિભાવે. નિર્વ્યસની બનીને રહે. (જે લગ્નજીવનની સફળતાનો મુખ્ય સ્રોત છે.) કુટુંબના ભરણ-પોષણની જવાબદારી ઉપાડે. પત્નીની જરૂરિયાતોનો ખ્યાલ રાખે.

બાકી નાના-સુના કારણો તો દરેક કુટુંબમાં બનતા રહે છે. પરંતુ આવા કારણો તો વડીલોની સમજદારીથી ઉકેલી શકાય છે. ખૂબ ક્રોધ આવે ત્યારે થોડો સમય મૌન રહેવું આવશ્યક છે. ક્રોધ ઉતર્યા પછી શાંતિથી સમસ્યાનું નિરાકરણ કરવું તે છતાં પણ જ્યારે સમસ્યા ઉદ્‌ભવે ત્યારે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જરૂરી બને છે.

★ સગપણ નક્કી કર્યા પહેલા બંને પક્ષોએ એકબીજાના કુટુંબની પુરતી માહિતી મેળવવી જરૂરી છે. અતિ ઉત્સાહમાં ઉતાવળ કરવી નહિં.

★ સગપણ અને લગ્ન સમયે જ્ઞાતિના આગેવાનોની હાજરી અનિવાર્ય છે.

★ સમસ્યા ઉદ્‌ભવી હોય તો સૌ પ્રથમ સમાધાન સમિતિ અથવા જ્ઞાતિના વડીલ પાસે પોતાની સમસ્યા રજૂ કરવી.

★ માવતરે દિકરીની કૌટુંબિક પર્સનલ સમસ્યામાં રસ ન લેવો અથવા માથું ન મારવું. (દિકરીની ચડામણી ન કરવી)

★ પરણેલી દિકરીઓ માવતરમાં પોતાનું ચલણ ન રાખે.

બાકી તો ઘણી વખતે એવું બને છે કે જેને સમસ્યા થઈ હોય એની હાલત તો એજ જાણે છે. એ હાલતમાં પણ એનો હલ કાઢવા માટે સમજણના સૂર રેલાવવાની બુદ્ધિ ભગવાન સૌ કોઈને આપે.

**સુજ્ઞ લેખિકા, વીણાબેન જે. બગા** શ્રી કચ્છી મારુ કંસારા સોની જ્ઞાતિ - મુંબઈ મહિલા મંડળના પ્રમુખ છે.

*(સમજણના સૂરને જ્ઞાતિ સમસ્તના મહિલા મંડળોનો વ્યાપક પ્રતિસાદ મળ્યો છે, જે સૂચક છે. - મુખ્ય તંત્રી)*

**અનુસંધાન ૨ ઉપરનું ચાલુ...**

જી ના પ્રભુજી ! તેલની પ્યાલી ને તો મેં જીવની જેમ જાળવી હતી પછી તેલ ઢોળાય ક્યાંથી ?

શાબાશ નારદ ! મને એક વાતનો જવાબ આપશો ? પ્રભુએ પ્રશ્ન કર્યો.

બોલો પ્રભુ !

જ્યારે તમે તેલ લઈને પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહ્યા હતા ત્યારે તમે કેટલી વખત મારું નામ સ્મરણ કર્યું હતું ?

પ્રભુ ! નામ સ્મરણથી ક્યાં વાત કરો છો ? મારું સમગ્ર ધ્યાન તો પેલી તેલની પ્યાલીમાં હતું તે છલકાઈ જાય તો ! પછી આપશ્રીનું નામ સ્મરણ હું કેવી રીતે કરી શકું ? ભગવાન વિષ્ણુએ કહ્યું, બે ચાર વખત પણ તમે નામ સ્મરણ ન કરી શક્યા ?

જી ના પ્રભુ ! એકે વાર નહીં.

તો નારદ ! પેલો ખેડૂત તો જિંદગીની કેટકેટલીય પળોજણોમાં ગૂંથાયેલો હોવા છતાં ત્રણ-ત્રણ વાર મારું નામ સ્મરણ કરી શકે છે. જ્યારે તમને કોઈ બંધન ન હોવા છતાં એકાદ વાર પણ નામ સ્મરણ ન કરી શક્યા ? હવે તમે જાતે જ કહો કોણ મોટું ? તમે કે પેલો ખેડૂત ?

પ્રભુ ! સાચે જ મારા કરતા તે ખેડૂતની ભક્તિ મોટી છે. કારણ કે આટઆટલી જવાબદારીઓમાં દોરાયેલો હોવા છતાં તે શ્રદ્ધાપૂર્વક તમારું નામ સ્મરણ કરી શકે છે. તમારા આવા પ્રિય ભક્તને મારા પણ કોટી કોટી પ્રણામ ! નારદજીનો અહંકાર ઓગળી ગયો. તેમનું નામ નિર્મળ થઈ ગયું અને સાચે જ કહ્યું છે - ભગવાન સે ભક્ત બડે. કહ ગયે સંત સુજાન.

સેતુ બાંધ રઘુવીર ચલો, કહી ગયે હનુમાન.

ભગવાન કરતાં ભગવાનનું નામ શ્રેષ્ઠ છે. ■

# આપણાં પરિવારો : મણકો (૬)

તુલસીદાસ કંસારા

આપણી જ્ઞાતિના સૌપ્રથમ ન્યાયાધીશ શ્રી ઠાકરશી પુરુષોત્તમ પરિવાર

આજે મારા હાથમાં એક વ્યક્તિ દ્વારા લખાયેલ વંશાવળી આવેલ છે. એક ડઝન પેઢીઓને કવર કરતી આ વંશાવળીની કેટલીક ખૂબીઓ છે. જે તેનું પૃથ્થકરણ કરતાં જણાય છે. પ્રથમ તો બે રાજ્ય પદ્ધતિ, રાજાશાહી અને લોકશાહી.. ને સાંકળતી કડી સમાન ન્યાયતંત્રના એક ખૂબ જ જવાબદાર ન્યાયાધીશ અને કચ્છના નામાંકીત ઈતિહાસવિદ્‌ના હસ્તે તે લખાયેલ છે અને બીજું તેમણે તથ્યોની ચકાસણી કરી પુરાવાઓના ઉલ્લેખ સાથે વિષય વસ્તુને યોગ્ય ન્યાય આપેલ છે. તેમણેઆ માહિતી જ્યાંથી મેળવેલ છે તે ભાટનું સરનામું પણ આપેલ છે જેથી ચકાસણી કરવાની હોય તો કોઈ પણ જીજ્ઞાસુ આ જુના ચોપડાઓ ભાટ શ્રી ભીમરાજના વંશ વારસો પાસેથી મેળવી, તપાસીને વધારાની માહિતીનો અભ્યાસ કરી શકે છે.

ગોવિંદજીથી શરૂ થતી અને આશરે ત્રણસો સાડા-ત્રણસો વરસો ને આવરી લેતી આ પેઢીમાં આપણી જ્ઞાતિના Legend કહી શકાય એવા નામો સંકળાયેલ છે. આ વંશાવલીમાં અમૂક જ નામોનો વંશ આગળ વધતો જણાય છે. જ્યારે બાકીના નામોની નીચે મીંડુ આવી જાય છે જે કદાચ દર્શાવે છે કે તેમની પેઢી આગળ વધેલ નથી કે પછી તે વિષે લખનાર પાસે માહિતી નથી. તે જમાનામાં કોઈ કુટુંબ નિયોજનનો વિચાર કે કાયદો ન હતો તેથી કુટુંબો વિશાળ બનતા પરંતુ મેડીકલ સારવારના અભાવે જીવાદોરી કદાચ ઓછી હોવાથી સાત આઠ ભાઈઓમાંથી એકાદ બેનો જ વંશવેલો આગળ વધતો.

મને મળેલ વંશાવલીની ફોટો કોપીમાં આવી બાર પેઢીમાંથી જોઈએ તો ગોવિંદજીના ૪ પુત્રો જેમાંથી ૩ નો વેલો



આગળ ધપેલ નથી. માત્ર પ્રતાપસિંહનો વેલો ૭ પુત્ર રત્નો સાથે આગળ વધેલ છે. જેમાંથી માત્ર માવજી અને વર્ધમાને તેમના વંશને આગળ વધારેલ. તે જમાનો પુરુષ પ્રધાન હોવાથી દીકરીઓનો ઉલ્લેખ જોવા મળતો નથી. તેથી જ્યારે ૭ પુત્ર રત્નો જન્મતા હોય તો કેટલીક પુત્રીઓ પણ જન્મેલ હોઈ શકે. મતલબ સંયુક્ત પરિવારોની સંખ્યા વિશાળ હોવી જોઈએ. માવજીના વંશમાં બે પુત્રો ગોપાલજી માવજી અને નેણશી માવજી, જ્યારે વર્ધમાનના વંશમાં દેવકરણની પેઢી લુપ્ત થતી જણાય છે. કલ્યાણજીની પેઢી આગળ વધેલ નથી. માત્ર એક લખમશી વર્ધમાનને ત્રણ પુત્રો, નામે અર્જુન, ખીમજી અને હરચંદ સાથે તેમનો વેલો આગળ વધારેલ છે. અહીં પણ અર્જુન અને તેમના ભાઈ ખીમજીનો વંશ થોડી પેઢી બાદ આગળ વધ્યો નથી. જ્યારે હરચંદ લખમશીના ત્રણ પુત્રોમાંથી માત્ર ઓધવજીનો વેલો આગળ ધપે છે. આવી જ રીતે માવજીના વંશમાં પણ બનેલું છે.

ગોવિંદજીની પહેલી પેઢીએ પ્રતાપસિંહ અને બીજી પેઢીએ માવજી તેમજ વર્ધમાન. અને આ માવજીની સાતમી પેઢીએ હંસરાજભાઈ, ચાલીસ વર્ષ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રાલયમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત રહી, નિવૃત્તિ બાદ અમદાવાદમાં છેલ્લા દાયકામાં કચ્છી સમાજના મુખપત્ર ‘કચ્છશ્રુતિ’નું માનદ્ તંત્રી પદ શોભાવીને તેને લોકપ્રિય બનાવ્યું અને તેઓશ્રી અત્યારે તેના માનદ્ સલાહકાર તરીકે દિશા સૂચન કરી રહેલ છે. તદુપરાંત તેઓશ્રી આપણી જ્ઞાતિના મુખપત્ર ‘જ્ઞાતિસેતુ’ના સ્થાપક મુખ્યતંત્રી છે. આવી જ રીતે તેમના સૌથી નાના ભાઈશ્રી અરૂણભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમના પુત્ર આનંદ ગાંધીધામની સાલ-સ્ટીલમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયર તરીકે કાર્યરત છે. પુત્રી અંજલી ભુજના મિતેષ પોમલ, બૂલિયન મર્ચન્ટના પત્ની છે. તેમના અન્ય બે ભાઈઓ સ્વ. રમેશભાઈ અને રાજેન્દ્રભાઈનો વેલો પણ આગળ વધેલ છે. સ્વ. રમેશભાઈના બે સુપુત્રોમાંના એક ભુજમાં ટેક્સેસન કન્સલ્ટન્ટ છે અને બીજા પુત્ર ગાંધીધામની એક ફર્મમાં સારો નોકરી ધરાવે છે. પુત્રી જ્યોતિ અમદાવાદમાં પરણાવેલ છે. એમના પતિ રશ્મીન બારમેડા મીકેનીકલ એન્જીનીયર છે. રાજેન્દ્રભાઈના પણ બે પુત્રો છે. જેઓ એમના પિતાશ્રી સાથે ટેક્સેસન પ્રેક્ટીસ કરે છે અને પુત્રી મોસમી એલ.એલ.બી. કર્યા પછી HDFC બેંકમાં કાર્યરત છે.

ગોવિંદજી પ્રતાપસિંહ પરિવારની નવમી પેઢીનો ઈતિહાસ જોઈએ તો, માવજીભાઈના ભાઈ વર્ધમાનભાઈની નવમી પેઢીએ શ્રી કિશોરભાઈ જટાશંકર ચનાણી જેઓ ભુજ જ્ઞાતિમંડળના પ્રમુખ છે. અને આ કિશોરભાઈના મામી તે આ લખનારના નાના ફઈબા થતા હતા. કિશોરભાઈ પણ લખનારના કાકા-ફઈબાના જમાઈ થાય છે. ગત અંકમાં આ પરિવારની વિસ્તૃત માહિતી આપેલી છે. આ પરિવાર સાથે સંકળાયેલા બાંડીયાવાળા અને રાયપુરવાળા પરિવારોની વાત પુરતી માહિતી મળ્યેથી કરીશું.

આ લખનારને જ્યારે નોકરીમાં દાખલ થવાનું હતું ત્યારે ઓળખાણ રૂપે એક ચિઠ્ઠીની જરૂરત ઉભી થયેલ ત્યારે પણ વડીલ શ્રી ઠાકરશીભાઈ ન્યાયાધીશ સાહેબે આજથી પચાસ વર્ષ પહેલાં લખી આપેલ સર્ટીફિકેટ અત્યારે પણ તેની

પાસે મોજુદ છે. આ તો ત્યારના સમય અને સંજોગોમાં જ્ઞાતિનું મહત્વ કેટલું હતું અને જ્ઞાતિના વડીલો કેવી રીતે ઉપયોગી થતા હતા અને કેવો ઉમદા સ્વભાવ ધરાવતા હતા, તેની ઝલક મેળવી, યાદદાસ્તને તાજી કરવાનો એક પ્રયત્ન છે. અને માત્ર આડવાત તરીકે જ તેનો ઉલ્લેખ કરેલ છે.

ફરી મૂળ વાત પર આવીએ તો શ્રી ઠાકરશી પુરુષોત્તમ - ડુંગરશી - પ્રેમજી - રામજી - નેણશી - માવજી - કંસારાનો પરિવાર પણ બહોળો છે અને તેની એક પાંખ રાજધાની દિલ્હી સુધી વિસ્તરેલ છે. દિલ્હીમાં હાલે શ્રી હંસરાજભાઈ ઠાકરશી કંસારાના ત્રણ પુત્રો રહે છે.

**અમદાવાદ મંડળ અને જ્ઞાતિ સેતુનો વિચાર....**

શ્રી હંસરાજભાઈ ઠાકરશીભાઈના જ્યેષ્ઠ પુત્ર શ્રી શૈલેષભાઈ જે હાલે ભુજમાં કચ્છમિત્રના વ્યવસ્થાપકની જવાબદારી સંભાળી રહેલ છે. તેઓશ્રી અગાઉ દિલ્હી તેમજ અમદાવાદમાં દિલ્હી પ્રેસના પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. અમદાવાદનું આપણું મંડળ સ્થાપવામાં તેમનો સહમંત્રી તરીકેનો ફાળો નોંધનીય હતો તેમજ આપણી જ્ઞાતિનું મુખપત્ર જ્ઞાતિ સેતુ તેમના દિલ્હી પ્રેસના અનુભવને કારણે જ અસ્તિત્વમાં આવેલ છે. તેમના પુત્ર એટલે કે નવમી પેઢી એ પુત્ર હની છે તેઓ મીકેનીકલ એન્જીનીયર છે અને અમદાવાદમાં એમની વ્યવસાયીક ફર્મ છે. નાના પુત્રી ખ્યાતિ એમ.કોમ. થયેલા છે. હંસરાજભાઈના બીજા પુત્ર નિકીત દિલ્હીની આઈઆઈટીમાંથી એમ.ટેક. થયેલ છે અને હાલે દિલ્હી ખાતે ભારત સરકારના 'બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ'ના સાયંટીસ્ટ છે અને આ સંસ્થાની લેબોરેટરીના ડિરેક્ટર છે. એક પુત્રી અને એક પુત્ર છે. પુત્રી કૃતિએ બાયો મેડીકલ એન્જીનીયરીંગ કર્યું છે. અને પેટન્ટની US Firm કાર્યરત છે. ત્રીજા પુત્ર પરેશ ભારત સરકારના માહિતી ખાતામાં કાર્યરત છે. એમની બે સુપુત્રીઓ છે. નેહા અને પૂર્વી. નેહા C.A. ના છેલ્લા વર્ષમાં છે. પૂર્વી કમ્પ્યુટર એન્જીનીયરીંગના છેલ્લા વર્ષમાં છે. શ્રી હંસરાજભાઈના સૌથી નાના પુત્ર મનીષ એક ઉચ્ચ દર્જાના સ્કલ્પચર આર્ટીસ્ટ છે. એમના પુત્ર હાલમાં જ સેકન્ડરી સ્કૂલ પરિક્ષામાં 'એ' ગ્રેડ મેળવેલ છે.

જેમનો પરિચય અગાઉ એક લેખ દ્વારા અપાઈ ચૂક્યો છે. (જુઓ ઓક્ટો-નવે.૨૦૦૮નો અંક પાના નં. ૧૦૧-૧૦૨) શ્રી હંસરાજભાઈની સુપુત્રી દિપ્તીબેન - નાગપુરમાં પરણાવેલ છે. એમના પતિશ્રી રાજેશકુમારનો ઈલેક્ટ્રોનીક્સ ક્ષેત્રે પોતાનો ટેકનીકલ વ્યવસાય છે.

**પાવાગઢમાં કાલિકાના મંદિરમાં સિંહ ફાળો.....**

આ વંશાવળીની એક નોંધવા લાયક વાત એ પણ છે કે વર્ધમાનના વંશમાં ચોથી પેઢીએ થયેલ ઓધવજીના એક પુત્ર સુંદરજીના વારસ ગલુમલ અને તેમના પુત્ર નેનમલ જોધપુર રાજસ્થાનમાં તે સમયે સ્થાયી થઈ ગયેલ જણાય છે. જ્યારે મુળજીનો વેલો ભુજ જ્ઞાતિના હાલના પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણી સુધી વિસ્તરેલ છે. આ ઐતિહાસિક માહિતી પરથી કહી શકાય કે જ્યારે હિજરતની પ્રક્રિયા ચાલુ થયેલ હશે ત્યારે કેટલાક ભાઈઓ રાજસ્થાનમાં પણ રહી ગયેલ હશે. જ્યારે સમય અને સંજોગો મુજબ કેટલાક અંજારમાં સ્થાયી થઈ ગયેલ હોઈ શકે અને આગળ વધતાં કેટલાકે ભુજમાં રહેણાંક પસંદ કરેલ હોય અને આ ચારસો - પાંચસો વરસ પહેલાંના મારવાડથી કચ્છ સુધી થયેલ લાંબા સ્થળાંતરનો ઈતિહાસ તો ખરેખર રસપ્રદ હશે જેમાંથી આપને આ વખતે આટલી માહિતી સાંપડેલ છે. એક ન્યાયાધીશના પરિવારની અને તેની સમાંતર પેઢી ભુજના જ્ઞાતિ શિરોમણીના પૂર્વજોના પરિવારોની.

અહીં પ્રસ્તુત જણાવ્યા મુજબ આ પરિવારના પૂર્વજ પ્રતાપસિંહે પાવાગઢના મા કાલિકાના મંદિરને ચણાવવામાં કે તેનો જીર્ણોદ્ધાર કરવામાં શ્રદ્ધા અને ભક્તિથી રસ લઈને સિંહ ફાળો આપેલ હતો, એવું પણ એ વંશાવલી સાથેની વિગત પરથી ફલીત થાય છે.

**તા.ક. : આ કોલમમાં પોતાના પરિવારની માહિતી કે પુરક માહિતી આપવા માટે tulsi_66@yahoo.in ઈ-મેઈલનો ઉપયોગ કરવા વિનંતી છે.**

**એક એસ.એમ.એસ. :** "Why waste your time and money looking up your family tree ? Just go into politics and your opponents will do it for you !" - *Mark Twain*

**વાંચકોને નમ્ર અનુરોધ**

આપણા પરિવારો લેખ માળામાં આપની 'પરિવારિક વિગતો' આંમત્રીત છે. આ લેખમાળાનું ભાવી પેઢીમાં માટે ઐતિહાસિક મહત્વ છે. આપણો નાનકડા સમાજના પરિવારોમાં અરસપરસ ઓળખવધે એ પણ એનો ઉદ્દેશ છે.

– મુખ્ય તંત્રી

# લાઈફ બિગિન્સ એટ ફોર્ટી...

**મીતા સોલંકી - ભુજ**

નમસ્કાર, વાચકમિત્રો, હેડીંગ વાંચીને થયું હશે કે જો જીંદગી ચાલીસ વર્ષે શરૂ થાય છે. તો આ પસાર થઈ ગયેલા વર્ષોનું શું ? આના જવાબ માટે આજે દોસ્તો ! મારે માત્ર ૪૦ + લોકોને મળવું છે. વાતચીત કરવી છે !

ફિલોસોફર એપિકટેટસે કહેલું કે માણસની પરેશાની વસ્તુ પરિસ્થિતિ પર આધારીત નથી એ તેને કેવી રીતે સમજે છે તેના પર આધાર છે. આજનો આપણો મુદ્દો સીનીયર સીટીઝન, વડીલો, વૃદ્ધોને લગતો છે પોતાની આ વધતી ઉંમરને તમે કઈ રીતે ટેકલ કરો છો તેના વિશે વાત કરીશું. ચાલીસી વટાવી ચુકેલાઓ પોતાની આ પરેશાનીને કઈ રીતે જીવન સંધ્યાનો આધાર બનાવે છે તે જોઈએ, સમયને આપણે અનુકૂળ થવાનું છે સમયની નિયતિતો વણથંભી છે.

બાલ્યાવસ્થા ભોળપણમાં, યુવાની, લાડીગાડીમાં, પ્રેમ કરવામાં, કુટુંબનું ભરણપોષણ કરવામાં, દોડધામ ભરી જીંદગીના આટલા વર્ષો ક્યાં ચાલ્યા જાય છે એ ખબર જ નથી પડતી ત્યારબાદ સંતાનો પુખ્ત થઈ પોતાની જીંદગીમાં સેટ થઈ ગયા હોય છે. આ બધાનું સેટિંગ કરવામાં 'સ્વ' પ્રત્યે, પોતાની જાત પ્રત્યે, તંદુરસ્તી પ્રત્યે, શોખ પ્રત્યે ધ્યાન આપ્યું જ નથી હોતું !

જીવનના આ પડાવમાં વડિલ મિત્રો ધારે તો પોતાના શોખ મનમાં ધરબી રાખ્યા હોય છે તે પુરા કરવાનો સમય આવી ગયો છે !

કેટલાક તરવરિયા, ઉત્સાહી, ઉમંગથી ભરેલા સિનીયર સિટીઝનને એમની આયુ વિષે પુછતાં એમણે ઝટ દઈને જવાબ આપ્યો કે અમે તો હજુ સ્વીટ ૬૦ ના હવે થાશું !! અમે વૃદ્ધ નથી કે નથી નિવૃત્ત ! નિવૃત્ત લોકો સાંભળ્યું છે કે જલ્દી વૃદ્ધ થઈ જતા હોય છે, જો તમે મનથી તરોતાજા રહેવા માંગતા હોતો ભલે તમારું શરીર સમય પ્રમાણે ઉંમરવાન થાય પરંતુ હ્રદય તો યુવાન રહી શકે છે !

આ માટે પોતાના શોખને રોજની પ્રવૃત્તિમાં સામેલ કરો, ફીટનેસ પ્રોગ્રામ ગોઠવો, હળવી કસરત, જોગીંગ કરો, બાગકામ કરો, સંગીત સાંભળો, સાહિત્યગોષ્ટિમાં ભાગ લઈ શકો. હાસ્યાસન કરો આવું કરવાથી વૃદ્ધત્વની પરિભાષા તમે જાતે બદલી શકો ! ઉંમરના આ વળાંક પર જીંદગી અટકી નથી જતી. તેઓ કંટાળતા નથી, કે નથી નિરાશ થતા, કદાચ યુવાનો કરતાં ગતિ ધીમી હોય પણ જીંદગીની આ ૪૦ + પછીની બીજી ઈનિંગ્સની મજા માણે છે. આવા વૃદ્ધો (!) આરામ ખુરશીમાં બેસી કચકચ કરીને બોર નથી કરતા ! સમાજ સેવા કરવામાં ખૂબ પ્રવૃત્ત રહી શકે છે આ માટે તેઓ પાસે ખૂબ સારો ટાઈમ અને અનુભવનું ભાથું પણ હોય છે. આ સમય વ્યક્તિગત વિકાસનો છે. પોતાની મરજી મુજબ (મોટેભાગે !) જીવન જીવી શકાય છે. સફેદ વાળ, મંદ મુસ્કાન, ફેસપરની કરચલીઓ સોનેરી ચશ્મા એ તેઓનો શૃંગાર છે.

જે વડીલો અંદરથી ખુશ રહેવાની કળા જાણે છે તેઓ વૃદ્ધ ન થઈ શકે, આમ પણ તાર્કીક રીતે પણ વૃદ્ધાવસ્થાની ફરિયાદ કરવાનો અર્થ શું છે ? તે તો આવવાની જ હતી ! મનથી યુવાન હોય તેઓને શરીર બાધારૂપ નથી લાગતું !

કેટલાક વડીલો મિત્રોમાં ખૂબ લોકપ્રિય હોય છે. કારણકે તેઓ ઝિંદાદીલથી જીવન જીવતા હોય છે. તેઓનો સંગાથ નાના-મોટા સૌ ઈચ્છતા હોય છે. તેઓની હાજરી માત્ર વાતાવરણને જીવંત બનાવી શકે છે ! તેઓ કોઈ ઉદ્દેશ્ય સાથે જીવન જીવતા હોય છે.

વૃદ્ધાવસ્થામાં ઈશ્વરની સુચક દેન છે એ એટલા જ માટે આવે છે કે જીવનમાં ફરિયાદ રહી ન જાય.

આમ પણ વડીલોને વંદનીય માનતા આપણા દેશમાં સિનીયર સીટીઝન્સને ફાયદા પણ પુષ્કળ છે. યાત્રા-પ્રવાસમાં તેઓ માટે સ્પેશ્યલ પેકેજ ઓફર થતા હોય છે. બસની ગિર્દીમાં જગ્યા અપાય છે. માન મળે છે. બેન્કમાં વ્યાજ વધુ મળે છે. કેટલાકને પેન્શન પણ મળે છે !! આમ.

ઘડપણની સાથે રહીને ખુશ રહેવાની કળા શીખી લેવા જેવી છે.

**એક ટીપ્સ :-** સારી લાગે તો અપનાવજો, અપનાવશો તો સારી લાગશે.

આદરણીય પુજ્ય વડીલોને નમ્ર નિવેદન કે કોઈ તમને 'અન્કલ' કે 'આન્ટી' કહે તો દુઃખ નહીં લગાડતા, બલકે એને મજાકમાં કહેજો કે હું તો હજુ સ્વીટ ૬૦ ની(નો) જ છું. ■

સ્ત્રીનું શ્રેષ્ઠ આભુષણ લજ્જા છે. પુરુષની પ્રથમ પિછાન વીરતા છે.
ઉભયની પ્રેમ છલોછલ પ્રસન્નતા લગ્ન જીવનના દિવ્ય આશીર્વાદ છે.

*- સૌ. પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી*

# ગુણવાન શિક્ષક

**સોની શ્રુતિ જયંતીલાલ લાયચા**

હંમેશ માટેના વિદ્યાર્થી એટલે શિક્ષક
વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલની હથોટી એટલે શિક્ષક
સ્વઅધ્યયન તરફ વાળનાર વટેમાર્ગુ એટલે શિક્ષક
કૌશલ્યો અને ક્ષમતાઓનો ભંડાર એટલે શિક્ષક
નવીન ટેક્નોલોજીના નિર્માણકાર બનવાનું સ્વપ્ન એટલે શિક્ષક
પ્રયોગની ચકાસણીનું માધ્યમ એટલે શિક્ષક
વિદ્યાર્થીનું અનુકરણશીલ પાત્ર એટલે શિક્ષક
પ્રોત્સાહન અને હકારાત્મક અભિગમનો સમૂહ એટલે શિક્ષક
Well begun is half done ને સાર્થક કરે તે એટલે શિક્ષક
આત્મવિશ્વાસના સંગાથે વિદ્યાર્થીઓમાં વિશ્વાસપાત્ર એટલે શિક્ષક
વિદ્યાર્થીનો સાચો નેતા એટલે શિક્ષક
આચરણ દ્વારા સ્વયંશિસ્તના પાઠ શીખવે તે એટલે શિક્ષક
વ્યવહારુ શિક્ષણનો માહિતીસંચાર એટલે શિક્ષક
આ સમગ્ર ગુણોરૂપી સુસંપન્ન વ્યક્તિ એટલે શિક્ષક
તો મિત્રો,
શાળારૂપી કલામંદિરમાં
અનુભવની એરણ ઉપર તપીને
રાષ્ટ્રના ભાવિનો ઘાટ ઘડનાર ઘડવૈયો એટલે શિક્ષક

## એરફોર્સ - કોમર્શિયલ પાયલોટ

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ફિઝિક્સ અને મેથ્સ વિષયો સાથે પાસ કરનાર ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ હોય પ્રવેશ પરીક્ષા પાસ કરીને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઉડાન એકેડમી (IGRUA) માં પ્રવેશ મેળવી શકે છે.

આ સિવાય અમદાવાદ-વડોદરા સહિતના દેશભરની કોઈપણ ફ્લાઈંગ કલબ-ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટમાં જોડાઈને પણ પાયલોટ બની શકાય છે. આજે આપણે ખૂબ જ હાઈપ્રોફાઈલ કારકિર્દી કોમર્શીયલ પાયલોટ તરીકેની કારકિર્દીની વાત કરીએ.

કોમર્શિયલ પાયલોટ એ પેસેન્જર અથવા કાર્ગો (માલસામાન) અથવા બંને પ્રકારના એરક્રાફ્ટના પાયલોટની કામગીરીના પ્રમાણમાં જટીલ હોય છે. તેમણે મીટીરીઓલોજી અને એરનેવિગેશનની સારી એવી જાણકારી મેળવવી પડે છે. તેમણે તેમના નિયંત્રણમાં રહેલ વિવિધ ઉપકરણો, સાધનોથી બારીકાઈથી પરિચિત રહેવું પડે છે. પાયલોટ કેટલીક આકસ્મિક પરિસ્થિતિ જેવી કે પ્રતિકુળ હવામાન, એરટ્રાફિક કંટ્રોલ સાથેનો સંપર્ક ખોરવાઈ જવો, વિમાનમા ઉડ્ડયન દરમિયાન અધવચ્ચે ઊભી થતી ટેકનીકલ ખામીઓ વગેરે સામે સલામતીના શક્ય તેટલા બધા જ પગલાં સમયસર ભરવાના હોય છે.

વિમાનના ‘ટેક ઓફ’ પહેલાં પાયલોટ હવામાન સંબંધી આંકડાઓ, સાધનોની સ્થિતિ, વિમાનની અંદરનું એરપ્રેસર તથા ઉષ્ણતામાન ઈત્યાદિ વિગતોની પુનઃ ચકાસણી કરે છે. વિમાનના વજનનું યોગ્ય સંતુલન કરે છે. ટૂંકમાં એક સહજ, તકલીફ વગરના ઉડ્ડયન માટેની બધી જ સાવચેતીઓ પાયલોટ લે છે. વિમાનનો સંપૂર્ણ કંટ્રોલ ધરાવતો કેપ્ટન છે, જે વિમાનના કર્મચારીઓની / પ્રવાસીઓની / સામાનની સલામતી માટે જવાબદાર છે.

**વ્યક્તિગત ગુણો :** સંપૂર્ણ શારીરિક સ્વાસ્થ્ય, માનસિક અને ભાવનાત્મક સ્થિરતા અને સંતુલન, હકારાત્મક અભિગમ, વિજ્ઞાન/ટેકનિકલ બાબતોના અભ્યાસનો અભિગમ, જવાબદાર તથા શિસ્તમાં માનનાર, શારીરિક-માનસિક સંવાદિતા, સાહસિક, હિંમતવાન, આત્મવિશ્વાસુ તથા નેતૃત્વના ગુણો ધરાવતી વ્યક્તિ જ આ ક્ષેત્રમાં સફળ થઈ શકે છે.

**પાયલોટ બનવા માટેના મુખ્ય ત્રણ તબક્કાઓ :**

પાયલોટ બનવા માટે સૌ પ્રથમ ‘સ્ટુડન્ટ’ પાયલોટ લાયસન્સ (SPL) મેળવવું પડે છે.

આ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ હોવું જરૂરી છે અને ઓછામાં ઓછી ૧૬ વર્ષની વય હોવી જોઈએ.

આ સાથે જરૂરી તબીબી પરિક્ષણોમાંથી પસાર થવાનું રહે છે. તેઓ ભારતભરના કોઈપણ ફ્લાઈંગ કલબ / એવિએશન એકેડમીમાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે. એટલે કે મેડિકલ સર્ટિફીકેટ, સિક્યોરીટી કિલયરન્સ તથા આવશ્યક બેંક ગેરંટી હોવી જરૂરી છે.

આ રજીસ્ટ્રેશન બાદ એર રેગ્યુલેશન, એવિએશન મિટિરિયોલોજી, એન્જીન (ટેકનોલોજી) ઈત્યાદિ બાબતોને આવરી લેતી જરૂરી પરીક્ષા પાસ કરવી પડે છે. આ પરીક્ષા પાસ કરનારને સ્ટુન્ડ પાયલોટ લાયસન્સ (SPL) મળે છે. આ (SPL) હોલ્ડરે ફ્લાઈટ ઈન્સ્ટ્રક્ટરના સુપરવિઝન હેઠળ જ ભારતીય હવાઈ સીમામાં ઉડ્ડયન કરવાનું હોય છે. આ રીતે ૬૦ કલાકના નિર્ધારીત ઉડ્ડયન બાદ જ ઉમેદવાર પ્રાઈવેટ પાયલોટ લાયસન્સ (PPL) એકઝામ માટે લાયક બની શકે છે. આ (PPL) બાદ કોમર્શિયલ પાયલોટ તરીકેનું લાયસન્સ (CPL) મેળવી શકાય છે. આ CPL મેળવવા માટેના ધારાધોરણો પર નિર્ધારિત કરેલ છે. જે આ રીતે CPL મેળવ્યા બાદ જ એરક્રાફ્ટના ખરા અર્થમાં પાયલોટ બની શકો છો.

*સૌજન્ય : કંસારા ટાઈમ્સમાં પ્રો. કે. એમ. માવાણીનો લેખ*

# Professional Courses in Commerce Stream

– CA Niket Thacker

## WHAT ARE PROFESSIONAL COURSES ?

* Professional Courses are the courses which are set up by an Act of Parliament, for example, Chartered Accountants Act, 1949 for Chartered Accountant.
* It provides an excellent career opportunity with a very low cost. Professional courses are external courses i.e. they do not have colleges but registration is done with All India Level Institutes.

**Professional Courses include:**

– Chartered Accountancy (CA)


– Company Secretary (CS)

– Cost & Works Accountant (CWA)

– Chartered Financial Analyst (CFA)

## CHARTERED ACCOUNTANCY AS CAREER (CA)

**What is CA:**




Chartered Accountancy is a course registered with Institute of Chartered Accountants of India. It is one of the best courses available in Commerce Stream.

CA's have in depth knowledge in the field of Accounts, Audit, Taxation, Finance, Costing and Law. Because it has vast coverage it provides opportunities in various fields as:

– Private Practice : (Audit, Tax & Advisory Services)

– Jobs in CA Firms : (Deloitte, KPMG, E&Y, PWC)

– Jobs in Industry : (Multi-national Companies, Banks, etc.)

– Helpful in Business

**Level in CA: Entry Level - Common Proficiency Test (CPT).**

CPT is a Multiple Choice Question (MCQ's) Exam of 200 Marks divided in Two Sessions, with negative marking for wrong answers.

**Session 1 :**

| Subject | Marks |
|---|---|
| Accounting | 60 |
| Mercantile Law | 40 |

**Session 2**

| Subject | Marks |
|---|---|
| Economics | 50 |
| Quantitative Aptitude (Maths & Statistics) | 50 |

**Note:** 50%-60% Course is similar to 11th & 12th Std. Course.

Student can give CPT exam after 3 months of 12th Std exam (i.e. CPT exam will be first due in June and then in December)

Registration for CPT can be done on the basis of 10th Standard.

Reg. Dates: For June Exam - 1st April, For Dec Exam- 1st Oct

Passing Criteria - 100 Marks in total (subject-wise marks are yet not considered).

**Second Level - Integrated Professional Competence Examination (IPCE)**

IPCE is divided into Two Groups with Seven Subjects. It provides Working Knowledge of Accounts, Audit, Tax, Finance, Costing and Law.

Normal question paper of 100 Marks for each subject is asked.

An aggregate of 50% and minimum of 40 marks in each subject is required for passing.

After completing Group I of IPCC student have to undergo a Practical Training (Articleship) of 3 years with Practicing CA.

**Final Level - CA Final**

CA Final is divided into Two Groups with Eight Subjects. It provides Expert Knowledge of Accounts, Audit, Tax, Finance, Costing and Law.

An aggregate of 50% and minimum of 40 marks in each subject is required for passing.

*For details on CA visit www.icai.org*

## COMPANY SECRETARY AS CAREER (CS)

**What is CS:** Company Secretary is a course registered with Institute of Company Secretaries of India. It is another Professional Course whose demand is increasing day-by-day.

CS's have in depth knowledge in the field of Company Law, Mercantile Law & Industrial Laws. CS promises an excellent career by way of:

Private Practice (Secretarial Audit of Companies, Legal & Filing Matters etc.)

Jobs in Corporate as Compliance Officer

Advisor for Capital Issues (Public Issue), Mergers & Takeovers and Legal Matters.

**Level in CS:**

**Entry Level - CS Foundation**

CS Foundation is a Multiple Choice Question (MCQ's) Exam of 400 Marks divided in Four Subjects.

| Subject | Marks |
|---|---|
| Business Environment & Entrepreneurship | 100 |
| Business Economics | 100 |

| Subject | Marks |
|---|---|
| Business Management, Ethics & Communication | 100 |
| Accounting & Auditing | 100 |

**Note:** 40% – 50% Course is similar to 11th & 12th Std Course.

Student can give CS Foundation exam after 9 months of 12thStd exam (i.e CS Foundation exam will be first due in December) (by Provisional Reg.).

Reg. Dates: For June Exam - 30thSeptember, For Dec Exam- 31st March

Passing Criteria - 200 Marks in total.

**Second Level - CS Executive**

CS Executive is divided into Two Groups with Six Subjects.

Normal question paper of 100 Marks for each subject is asked.

An aggregate of 50% and minimum of 40 marks in each subject is required for passing.

After completing CS Executive, student has to undergo a Practical Training (Articleship) of 15 months with Practicing CS or Company registered with ICSI.

**Final Level - CS Professional**

CS Professional is divided into Four Groups with Eight Subjects.

An aggregate of 50% and minimum of 40 marks in each subject is required for passing.

*For details on CS visit www.icsi.edu*

## COSTS & WORKS ACCOUNTANT AS CAREER (CWA)

**What is CWA:**

Costs & Works Accountancy is a course registered with Institute of Costs & Works Accountant of India. It is a Professional Course whose demand is decreasing day by day. Currently, less number of students are preferring it because the work of CWA is nowadays done by CA's too. CWA's work is mainly related to Costing / Pricing of goods.

**Level in CWA:**

**Entry Level - CWA Foundation**

CWA Foundation is a Normal Exam of 400 Marks divided in Four Subjects.

Student can give CWA Foundation exam in next June following the year of 12th Std. exam.

Reg. Dates: For June Exam - 5th December, For Dec Exam - 5th June

**Second Level - CWA Executive**

CWA Executive is divided into Two Groups with Six Subjects.

**Final Level – CWA Final**

CWA Final is divided into Four Groups with Eight Subjects.

**Passing Criteria for All Levels:**

An aggregate of 50% and minimum of 40 marks in each subject is required for passing.

*For details on CWA visit www.icwai.org*

**CHARTERED FINANCIAL ANALYST AS CAREER (CFA)**

**What is CFA:**

There are two types of CFA:

Indian CFA, registered with ICFAI University, Hydrabad

International CFA, registered with CFAI, USA

International CFA is recognized worldwide and has a great value while Indian CFA does not give value as other professional courses like CA & CS.

CFA mostly deals with Finance function and handling of money.

**Indian CFA**

Indian CFA is a 2 years course divided into 6 Group (A-F) of 2 subjects each.

Students can Register for Indian CFA after becoming a Graduate.

Level A to C are Multiple Choice Question (MCQs) exam with 50% Passing Criteria. There is no negative marking for wrong answers.

Levels D to F are Normal Paper,with 50% Passing Criteria, wherein full fledged theories and sums are asked.

After finishing Level F, student has to undergo a Practical Training for 6 mths.

*For details on Indian CFA visit www.icfaiuniversity.in*

**International CFA**

International CFA is a 2-3 years course divided into 3 levels.

The Level I exam consists of multiple choice questions.

The Level II exam consists of normal papers.

The Level III exam consists of normal papers and essay questions.

*For details on International CFA visit www.cfainstitute.org*

**SELECTION OF COURSE:**

**Chartered Accountant:**

Student interested in gaining knowledge in the fields of Tax, Audit & Accounting should choose Chartered Accountant.

Requirements- Student must be Sincere, Dedicated & Confident. He must able to attempt questions if asked in different manner.

**Company Secretary:**

Student interested in gaining knowledge in the Company Law & Allied Laws should choose Company Secretary.

Requirements- Student should have liking for theory subjects as major portion of CS consist of theories.

**Costs & Works Accountants:**

Student interested in gaining knowledge regarding Pricing or Costing of Goods should choose Costs & Works Accountants.

Requirements- Student should be ready to take up job in Manufacturing Companies as scope of Private Practice is less for CWA.

**Chartered Finance Analyst:**

Student interested in Stock Market, Finance or Handling of Money should choose Chartered Finance Analyst.

Requirements- Student should be in Analysis and must ready to take up job in Share Broking Companies or Banks or to work as Private Investment Advisor. For International CFA, student must be ready to relocate outside India.

The above details are provided by **SAMYAKTVA**, Centre for Professional Studies - Ahmedabad. **SAMYAKTVA** is a Coaching Institute providing Coaching in the fields of CA & CS.

***For details contact 079-26300277 or 098792 31835.***

# કારકિર્દી તરીકે એનીમેશન

કિશન સુરેશભાઈ સોલંકી - ભુજ

**પરિચય :** *મિકી માઉસ, ડોનાલ્ડ ડક, ટોમ એન્ડ જેરી અને સ્ટુઅર્ટ લીટલને બધા જ જાણે છે - અમુક એવા પાત્રો જે આપણને કાયમ આનંદ આપે છે અને આપણું મનોરંજન કરે છે. પણ, શું તમે જાણો છો કે આ પાત્રો કઈ રીતે જન્મ્યા અને ફક્ત રેખાચિત્રની કલાના આધારે કેવા આશ્ચર્યો સર્જી શક્યા છે ? અને જવાબ છે એનીમેશન દુનિયાભરમાં ખૂબ ઝડપભેર વિકસી રહેલ ઉદ્યોગોમાં એક. એકવીસમી સદીમાં મલ્ટીમિડીયા અને એનીમેશનની નોકરીઓની સૌથી વધુ ખોજ છે. આ એક એવી કલા છે જે શબ્દો, ચિત્રો, ગ્રાફિક્સ, એનીમેશન, ઓડિયો અને વિડીયોના મિશ્રણથી વર્ચ્યુઅલ જાદુ સર્જે છે. એનીમેશન એ મલ્ટીમિડીયાનું માત્ર એક અંગ છે.*

એનીમેશન એક ચોક્કસ પ્રકારના મીડિયા તરીકે પ્રગટ થઈ રહ્યું છે. એનીમેશનમાં કઠીન પરિશ્રમ તથા નક્કર આયોજનનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર નવું હોવાથી આમાં ઘણી છુપી ક્ષમતા અને પ્રતિભા રહેલી છે, જેને આંતરરાષ્ટ્રીય સ્તર મુજબ યોગ્ય દેખરેખથી વિકસાવવાની જરૂર છે. વોલ્ટ ડીઝની, આઈ મેક્ષ અને સોની જેવી ઘણી ખ્યાતનામ કંપનીઓ જે પોતાના કાર્ટુનના પાત્રોને આઉટસોર્સ કરવા ઈચ્છે છે, તે ભારતમાં આ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ કરવા તૈયાર છે.

એક વિચારનું સર્જન કરવું, તેને વાર્તા સ્ક્રીપ્ટમાં વિકસાવવો અને તેને તકનીકી સહાય પૂરી પાડવી, એનીમેશનના નિર્માણની આ પ્રક્રિયાઓ છે. ઉપરાંત સામાન્ય રીતે મોટા ભાગે વપરાતા એનીમેશનો છે ટૂ ડાઈમેંશનલ (2D) અને થ્રી ડાઈમેશનલ (3D), પપેટ (કઠપૂતળીના) એનીમેશન, કલેય (માટીના) એનીમેશન, સેન્ડ (રેતીના) એનીમેશન, વેજીટેબલ (વનસ્પતિના) એનીમેશન, વિગેરે પણ હોય છે. ટૂ ડાઈમેંશનલ ઈમેજો જોવામાં ઉપલક હોય છે. જ્યારે થ્રી ડાઈમેશનલ ઈમેજોમાં ઊંડાણ હોય છે, જે તેમને વધુ વાસ્તવિક બનાવે છે.

**લાયકાત :** એનીમેશન ક્ષેત્રમાં કુશળ વ્યવસાયી બનવા માટે તાલીમ એ સૌથી જરૂરી અને મહત્વનું પાસું છે. એનીમેટર બનવા માટે, કોઈ ચોક્કસ શૈક્ષણિક લાયકાત હોવી જરૂરી નથી. જેનામાં મૂળ સ્કેચિંગનું કૌશલ્ય હોય અને એનીમેશન માટેના જુસ્સો હોય તેઓ આ ક્ષેત્રમાં પ્રવેશી શકે છે. એનીમેશનમાં ડીગ્રી કે ડીપ્લોમા મેળવવાથી સારી નોકરી શક્યતા રહેલી છે.

આજે ઓનલાઈન સેવાઓ સિવાય ઘણા બધા એનીમેશનના ડીગ્રી અને ડીપ્લોમા કોર્સ ઉપલબ્ધ છે. એનીમેશનના ડીગ્રી અને ડીપ્લોમા કોર્સ માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત છે દસમું ધોરણ વત્તા બે અથવા તેના સમકક્ષ.

જેઓ કમ્પ્યુટર એનીમેશનમાં કામ કરવાનું વિચારી રહ્યા છે. તેઓને ફોટોગ્રાફી, લાઈટીંગ તથા હિલચાલનું જ્ઞાન હોવું ફાયદાકારક છે. તેઓને મનમાં ચિત્ર ઊભું કરતાં આવડવું જોઈએ કે ૩ડી માં તે કેવું દેખાશે અને તે કે એનીમેટ થયેલી વસ્તુ કઈ રીતે વાસ્તવિક દેખાય.

**કારકિર્દીના વિકલ્પો :** 3 D એનીમેશન એ સંપૂર્ણ ટીમવર્ક છે અને તે સર્જનાત્મક વિચારોથી ચાલે છે. 3 D એનીમેશન મૂવીના સર્જનમાં સંડોવાયેલા વિવિધ પગલા છે.

વાર્તા - સ્ટોરી બોર્ડીંગ - પાત્રનું રેખાચિત્ર - વિભાવનાની રચના - મોડલિંગ - પર્યાવરણો - રીગીંગ - કેરેક્ટર તથા યાંત્રિક એનીમેશન - સ્ટોરી બોર્ડ - એનીમેશન - લાઈટીંગ - ટેક્ષ્ચરીંગ - ડાયનેમિક્સ - વોઈસ રેકોર્ડિંગ - ડીજીટલ એડીટીંગ - વીએફએક્ષ (Vfx) - અંતિમ ફિલ્મ

**તેથી તમે બની શકો છો :**

★ મોડલર ★ ટેક્ષ્ચરીંગ આર્ટિસ્ટ ★ લાઈટીંગ આર્ટિસ્ટ ★ રીગીંગ આર્ટિસ્ટ ★ વીએફએક્ષ (Vfx) ★ લેઆઉટ આર્ટિસ્ટ ★ કલીન-અપ આર્ટિસ્ટ ★ સ્કેનર ઓપરેટર ★ કમ્પોસીટર ★ કી ફ્રેમ આર્ટિસ્ટ ★ બેકગ્રાઉન્ડ આર્ટિસ્ટ ★ ઈન બીટવીન એનીમેટર ★ ૩ડી એનીમેટર ★ રેન્ડરીંગ આર્ટિસ્ટ અને વધુ.

એનીમેશન પ્રોજેક્ટનું સફળતાપૂર્વક સર્જન કરવામાં દરેકની ભૂમિકા નિર્ણાયક છે.

આ વ્યવસાયમાં ફિલ્મો અને ટેલિવીઝન દ્વારા મનોરંજન એ મુખ્ય માધ્યમો છે. જોકે બીજા ક્ષેત્રો જેમકે, વ્યાપાર, વેચાણ, ઈજનેરી, શિક્ષણ અને જાહેરાતમાં પણ એનીમેશનની જરૂર પડે છે. તેની તકો ફેશન ડીઝાઈનીંગ અને ઈન્ટીરીયર ડીઝાઈનીંગમાં તેમજ તબીબી, કાનૂની અને વીમા કંપનીઓમાં પણ છે તેમની રજૂઆતો અને મોડલો માટે ગેમિંગ ઈન્ડસ્ટ્રી જેમાં વિડીયોનો સમાવેશ હોય અને મોબાઈલ ગેમો સારા એનીમેટરોની તલાશમાં જ હોય છે. અમુક એનીમેશન સંસ્થાઓ તેના જ વિદ્યાર્થીઓની સહાયક શિક્ષક તરીકે નિમણુંક કરી લે છે, જેથી તેઓ શિક્ષણમાં પણ પોતાની કારકિર્દી બનાવી શકે. એનીમેટરોને પ્રિન્ટ મિડીયા અને પ્રકાશન કંપનીઓમાં પણ નોકરીઓ મળી શકે છે. છૂટક કામ એ એક બીજો વિકલ્પ છે, ખાસ કરીને જેઓ વેબ ડીઝાઈનીંગ જાણતા હોય.

ભારતમાં ૩૦૦ થી વધુ એનીમેશન સ્ટુડીયો છે જે ૧૨,૦૦૦ એનીમેશન વ્યવસાયિકોને રોજગારી પૂરી પાડે છે.

આ સિવાય, ભારતીય કંપનીઓ યુએસ અને યુરોપીય સ્ટુડીયો માટે સંખ્યાબદ્ધ એનીમેશન ફિલ્મો અને કાર્ટૂનો બનાવે છે માટે સારા સર્જનાત્મક એનીમેટરો માટે તકોનો કોઈ અંત નથી.

**કાર્યની પદ્ધતિ :** એનીમેશનના નિર્માણમાં વિભાવના વિકાસ, પ્રી-પ્રોડક્શન, પ્રોડક્શન અને પોસ્ટ-પ્રોડક્શનનો સમાવેશ થાય છે. વિભાગના વિકાસ દરમિયાન જ પાત્રોનું સર્જન થાય છે. પ્રી-પ્રોડક્શનમાં વિભાવનાઓને લેઆઉટમાં ફેરવવામાં આવે છે.

સ્ક્રીપ્ટલેખન, સ્ટોરીબોર્ડીંગ, પાત્રનો વિકાસ, બેક્ગ્રાઉન્ડ, લેઆઉટ ડીઝાઈનીંગ, એનીમેટીક્સ અને વોઈસ પ્રી-પ્રોડક્શન હેઠળ આવે છે. વાર્તાનું ખરું પરિણામ તો પ્રોડક્શન સ્ટેજ પર જ જોઈ શકાય છે, જેમાં મિશ્રણ હોય છે એનીમેશન, ઈન બીટવીનીંગ અથવા ટ્વીનીંગ (એટલે કે બે ઈમેજોની વચગાળાની ફ્રેમો બનાવવી જેથી કરીને પહેલી ઈમેજ બીજીમાં સરળતાથી ભળી જાય), સ્કેનીંગ, કમ્પોસીટીંગ (એટલે કે બે અલગ સ્રોતમાંથી ઈમેજ લઈને એનીમેશનની એક સંયુક્ત ફ્રેમ બનાવવી), બેક્ગ્રાઉન્ડ તૈયાર કરવા અને રંગપૂરણી. અંતિમ સાઉન્ડ રેકોર્ડીંગ, કલર એડીટીંગ, ટેસ્ટીંગ અને સ્પેશ્યલ સાઉન્ડ ઈફેક્ટો આ બધુ જ પોસ્ટ પ્રોડક્શન સ્ટેજમાં ઉમેરવામાં આવે છે. પોસ્ટ પ્રોડક્શન સ્ટેજ પ્રવૃત્તિઓમાં સંકલન, સ્પેશ્યલ ઈફેક્ટસ (Sfx) કલર કરેક્શન, કમ્પોસીટીંગ, ધ્વની અને સંગીત સંકલન અને રેન્ડરીંગનો સમાવેશ થાય છે. રેન્ડરીંગ તે એનીમેશન સીનનો આખરી ઓપ છે, જેમાં ડેટાનું રાસ્ટર ઈમેજ અથવા એનીમેશનમાં રૂપાંતરણ થાય છે.

**વળતર :** સારો પગાર એ આ વ્યવસાયનું મુખ્ય આકર્ષણ છે. વર્ષો જતા આ વ્યવસાયિકો છ આંકડાનો પગાર મેળવી શકે છે. જુનીયર એનીમેટર અથવા ટ્રેઈની તરીકે રૂ. ૫૦૦૦ કે ૧૫૦૦૦ દર મહિને મળી શકે છે. ત્રણથી પાંચ વર્ષના અનુભવી એનીમેટરને ૨૫૦૦૦ થી ૪૦૦૦૦ મળે અને ખૂબ સારા અનુભવી એનીમેટરને જેની પાસે શ્રેષ્ઠ એનીમેશનનો પોર્ટફોલિયો હોય તેને દર મહિને રૂ. ૫૦૦૦૦ થી ૬૦૦૦૦ સરળતાથી મળી શકે છે.

**એનીમેશન સંસ્થાઓ :**

★ માયા એકેડેમી ઓફ એડવાન્સ સિનેમેટીક્સ (MAAC)

★ અરેના એનીમેશન

★ ફ્રેમબોક્ષ એનીમેશન

★ ક્રેઝી પિક્ષેલ સ્કૂલ ઓફ એનીમેશન એન્ડ ગેમ્સ

★ પિકાસો એનીમેશન કોલેજ

અને વધુ...

**એનીમેશન કોર્સમાં જોડાયા પહેલા જાણવા જેવી સૌથી મહત્વની બાબતો :**

૧. ભૂતપૂર્વ કે હાલના વિદ્યાર્થીઓ સાથે વાત કરીને સંસ્થાની ખરી કામગીરી વિષે જાણવું મદદરૂપ છે.

૨. તમે તે જગ્યાને ગુગલ કરીને તે સંસ્થાને લગતા ઓનલાઈન અભિપ્રાય લેવા જોઈએ.

૩. તમે પ્લેસમેન્ટના રેકોર્ડ સંદર્ભ સાથે માંગી શકો છો.

૪. તમે આ વિષે સ્પષ્ટ હોવા જોઈએ.

★ કોર્ષનો સમયગાળો

★ તમને શીખવાડવામાં આવનાર ચોક્કસ વસ્તુઓ (અનુસૂચી સાથે)

★ સામગ્રી, ખાસ પ્રસંગો, વેરા વિ.નો ખર્ચ મળીને કુલ ફી

★ વર્ગખંડોની સંખ્યા અને લેબના કલાકો

★ વર્ગખંડનું માપ (વિદ્યાર્થીની સંખ્યા)

★ સ્થાયી શિક્ષકોની લાયકાતો (શિક્ષકોની ગુણવત્તામાં જુદી જુદી શાખાઓમાં ફર્ક હોઈ શકે)

★ જો ઈન્ડસ્ટ્રીઝમાંથી કોઈ મુલાકાતી ફેકલ્ટી હોય તો તે કોણ છે ?

★ આવી મુલાકાતોની આવર્તન

★ જો ફિલ્ડમાં કોઈ પ્રવાસ/અથવા ઈન્ટર્નશીપ કાર્યક્રમ હોય

★ શું એનીમેશન ફિલ્મ બનાવવાની પ્રક્રિયાના દરેક પાસા પ્રત્યે માર્ગદર્શન મળે છે ?

★ શું એનીમેશનના દરેક માધ્યમને આવરી લેવાય છે. 2D કલાસીકલ, સ્ટોપ-મોશન, CG 3D અને પ્રાયોગિક એનીમેશન

★ દુનિયાભરની એનીમેશન / લાઈવ એક્શન ફિલ્મોનું જ્ઞાન આપવામાં આવે છે.

★ વિવિધ પ્રકારના કાર્યક્ષેત્રનો સંપર્ક

★ અભ્યાસક્રમ સિવાય બીજી પ્રવૃત્તિઓનું આપવામાં આવતું મહત્વ.

★ વિવિધ સ્તરની વિચારણાને આપવામાં આવતું પ્રોત્સાહન

**અનુસંધાન પૃષ્ઠ નં. ૨૨ ઉપર**

## સોના ચાંદી વેપારી મંડળ, નખત્રાણા

**હીરાલાલ મોહનલાલ સોની, નખત્રાણા**

### એકસાઈઝ ડ્યુટી પાછી ખેંચાતા પશ્ચિમ કચ્છના ૩ તાલુકાનો આનંદોત્સવ

નાણામંત્રી શ્રી પ્રણવ મુખરજીએ સુવર્ણ વેપારી અને કારીગરો ઉપર લાદેલ એકસાઈઝ ડ્યુટી સંપૂર્ણ પાછી ખેંચી લેતાં સમગ્ર દેશની સાથે કચ્છ જિલ્લાના પશ્ચિમ વિભાગના (૩) તાલુકા નખત્રાણા, અબડાસા અને લખપતના વેપારીઓ અને કારીગરોએ નખત્રાણા ખાતે પ્રમુખ શ્રી હિરાલાલ સોનીની આગેવાની હેઠળ ઢોલ, સરણાઈ સાથે વાજતે ગાજતે આનંદોત્સવ મનાવા સરઘસ કાઢી સોની સમજવાળી ખાતે સમૂહ ભોજનનું આયોજન કર્યું હતું. જેમાં મંત્રીશ્રી કિશોરભાઈએ સભાનું સંચાલન કરેલ, માજી પ્રમુખશ્રી હિંમતભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી લખમશીભાઈ, શ્રી હેમેન્દ્રભાઈ કંસારા વગેરેએ સભાને સંબોધન કરેલ અને પ્રમુખશ્રી હિરાલાલ સોનીને આંદોલનની રૂપરેખા આપતા કરેલા પ્રયત્નો તથા જેમના તરફથી સહકાર મળેલ તેવા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર શ્રી અહમદભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, વિપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ, પ્રણવ મુખરજી અને સોનિયા ગાંધી, મિડીયા વગેરે તરફથી મળેલ સાથ સહકારની વિગતવાર જાણકારી આપતા સર્વે તાળીઓના ગડગડાટ સાથે આભાર માનતા લાગણી વ્યક્ત કરી હતી. ભવિષ્યમાં પણ આવો નઠારો કાયદો નહિં લાદવા વિનંતી કરાઈ હતી. ■

## કચ્છમાંથી જ્વેલરી માટે ઉપયોગી ૩૦ થી વધુ કલર સ્ટોન મળવાની સંભાવના

કચ્છમાં માત્ર લિગ્નાઈટ નથી, તેમ એકલું બેન્ટોનાઈટ કે ચાઈનાકલે પણ નથી. તો ખાલી અશ્મિો મળે છે એવુંય નથી. તેમ પારખું નજર લઈને ફરનારા રસિક ભૂસ્તર અભ્યાસુઓને કચ્છમાંથી મોં માંગ્યો ખનીજરૂપી ખજાનો મળી શકે તેમ છે. એક જ પારખું નજરવાળા ભૂજના લક્ષ્મણભાઈ વી. રાઘવાણીએ કચ્છના જુદા જુદા વિસ્તારમાંથી ૩૦ જેટલા સુંદર કલર સ્ટોન શોધી કાઢ્યા છે.

કચ્છના નદીનાળા, કોતરો, ડુંગરાળ અને ટેકરીવાળા પટમાં કેટકેટલીય પથ્થરની કિંમતી ચીજવસ્તુઓ હોય છે. પણ હીરાની કિંમત ઝવેરીને હોય તેમ પથ્થરમાં જડાયેલા હીરા જેવા સ્ટોનના અભ્યાસ અને અનુભવ હોવાથી લક્ષ્મણભાઈને એ પથ્થરોમાં ઘણું નવું જોવા મળ્યું અને જોતજોતામાં જુદા જુદા પ્રકારનાં જેવાં કે એમેથિસ્ટ, સ્ફટીક, ઓનિક્સ, નેફ્રાઈટ, જેસ્પર, સિલવરસ્ટોન, જેમ સિલિકા, કાયસો કોલા, ગોલ્ડન સ્ટોન, વ્હાઈટ ક્વાર્ટસ, હેમેટાઈટ, સિલિકાસ્ટોન, ગોધરસ્ટોન જેવી જુદી જુદી વેરાઈટીના ૩૦થીયે ઉપર કલ સ્ટોન પથ્થરો મળ્યા છે. આજનો યુગ જેમ્સ એન્ડ જ્વેલરીનો છે. માત્ર સોના કે ચાંદીમાં પણ દાગીના જ નહિ પણ એમાં હીરા-માણેક જડેલા હોય કે અન્ય રત્નો જડેલા હોય તો જ તેનો અદ્ભૂત નિખાર આવે છે. એ હીરામાણેક, રત્નો રંગીન પથ્થરો આમ તો ધરતી સમુદ્રની જ દેન છે. જે પૈકી સેમી પ્રેસીયસ જેવા કેટલાંય કલર સ્ટોન કચ્છના ગેડો ડુંગર, રોહા ડુંગર, મઉ ટેકરીઓ, બિલેશ્વરની ટેકરીઓ, વાગડના પંથકમાં નાના રણના મેડકબેટ તેમજ અન્ય જગ્યાએ મળી આવે છે.

કચ્છમાંથી મળતા આ રંગીન પથ્થરો મોટાભાગે દાગીનામાં જડતર તથા કારવિંગમાં, સુશોભનમાં, નંગના સુશોભનમાં, એન્ટિક તરીકે શો-પીસ તરીકે, ફેંગસુઈ, રેકી, ધ્યાન તેમજ એલિવેશન અને સ્ટોન થેરપીમાં કામે લાગે એવા છે. વાસ્તુવિધિમાં પણ તેની કિંમત વધી જાય છે. લક્ષ્મણભાઈના જણાવ્યા અનુસાર, દુનિયાભરમાં ૨૦૦૦થી ય વધુ કલરસ્ટોન અસ્તિત્વ ધરાવે છે.

હીરા-પન્ના, નિલમ, માણેક-મોતી, પોખરાજ વગેરે બહુમૂલ્ય પથ્થરો છે. તો અકિક, સ્ફટિક વગેરે અર્ધકિંમતી પથ્થરો છે. પથ્થર કોઈ પણ હોય તેનો ક્યાંકને ક્યાંક અવશ્ય ઉપયોગ થવાનો જ છે. મકાન બાંધકામથી માંડીને આંગળીમાં પહેરેલી વીંટીમાં સાચો કે ખોટો (ઈમિટેશન) જડેલો હીરો અંતે તો પથ્થરનો જ બનેલો હોય છે. ફિશ એકવેરિયમમાં રંગબેરંગી નાનીમોટી માછલીઓ જોવા મળે છે. તે રીતે લક્ષ્મણભાઈ તેમણે શોધેલા આવા બેનમૂન પથ્થરોનો વિશાળતમ સ્ટોન એકવેરિયમ કચ્છ માટે સ્ટોન બનાવવાની ઈચ્છાનું ભાથું લઈને હજુ વધુ સ્ટોન શોધવા જહેમત લઈ રહ્યા છે, આમ જો આવું સ્ટોન એક્વેરિયમ ઊભું થશે તો અશ્મિઓ પછી સંશોધકોને વધુ એક તક અને નવું નજરાણું મળશે તે હકીકત છે.

કચ્છમાં અનેક પ્રાકૃતિક ઉથલપાથલ થતી રહે છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળને પરિણામે જૈવિક રાસાયણિક પ્રક્રિયાઓ થતાં ખનિજનો ભંડાર ભરેલો છે. વિવિધ અશ્મિઓ પણ મળે છે. જુરાસિક યુગના અવશેષો પણ પ્રાપ્ત થયા છે. તો રાજસ્થાનના જેસલમેર સ્ટોન જેવા રળિયામણા યલોસ્ટોનનું ખાવડા બાજુ રતડિયામાં ખાણકામ થઈ રહ્યું છે. ભૂસ્તરક્ષેત્રે જેટલું ઊંડાણભર્યું સંશોધન હાથ ધરાય એટલી નવીન ચીજવસ્તુઓ પ્રાપ્ત થાય એવા આ લાખો કરોડો વર્ષ જુના મૂલકમાં કલર સ્ટોન પણ ઘણું મળી શકે એમ છે. તે વાતને આ વિષય અંગેની એક વાતચીતમાં કચ્છના જૂના ને જાણીતા ભૂસ્તરવિદ્ ડો. દેવકૃષ્ણ ટંડને પણ સમર્થન આપ્યું હતું.

*સૌજન્ય : જ્વલેરી ડાઈજેસ્ટ*

# નેત્ર-સુરક્ષા

**ભારતના રાષ્ટ્રીય દ્દષ્ટિ વિહીનતા નિયંત્રણ કાર્યક્રમ દ્વારા પ્રસારીત**

**દ્દષ્ટિદોષ :** દૃષ્ટિદોષનું પ્રમુખ કારણ ક્ષતિયુક્ત નજરની સમયસર ક્ષતિપૂર્તિ ન થવાનું છે. નજરની ખામી નેત્ર-ગોલકના અસામાન્ય કદ અને આકારને લીધે હોય છે. દૃષ્ટિદોષ દૂર ન થાય પણ યોગ્ય ચશ્માના ઉપયોગથી નજરમાં સુધારો થાય.

**દ્દષ્ટિદોષના પ્રકાર :**

**૧. માયોપીયા અથવા નજીકની નજર :**

આ ખામી ધરાવતી વ્યક્તિને દૂરની વસ્તુ ધુંધળી દેખાય છે. બાળકોને આ ખામી હોય તો પણ તેમને એની ખબર પડતી નથી. લગભગ ૨૦ વર્ષ સુધી આ ખામી વધતી રહે છે. યોગ્ય પાવરના બાહ્યગોળ ચશ્મા પહેરવાથી આ દોષની ક્ષતિપૂર્તિ થઈ શકે છે.

**૨. હાયપર મેટ્રોપીયા અથવા દૂરની દ્દષ્ટિ :**

આ ખામી ધરાવતી વ્યક્તિની નજીક તેમજ દૂરની બંને પ્રકારની નજર કમજોર હોય છે એને દૂરનું તેમજ નજદીકનું સ્પષ્ટ દેખાતું નથી. નજરની આવી ક્ષતિ અંતર્ગોળ કાચના ચશ્મા પહેરવાથી ઠીક થઈ શકે છે. દૃષ્ટિ ક્ષમતાની આ ખામીને લીધે વ્યક્તિનું માથું દુઃખે છે, આંખમાં તાણનો અનુભવ કરે છે, એની કાર્યક્ષમતા ઓછી થાય છે.

**૩. એસ્ટીગ્મેટીઝમ :**

દૃષ્ટિની આ ખામીને લીધે દૃષ્ટિપટલ પર દ્રશ્ય વસ્તુ ધૂંધળી દેખાય છે. સીલીન્ડ્રીકલ કાચવાળા ચશ્માં પહેરવાથી આ ખામી દૂર થઈ શકે છે.

**૪. પ્રેસ્બાયોપિયા :**

૪૦ વર્ષની આયુ પછી, વ્યક્તિને નજીકની વસ્તુ સ્પષ્ટ દેખાતી નથી. કારણકે ઉંમર વધતાં, નેત્રમણી (લેન્સ)ની લોચકતા ઘટતી જાય છે. આ ખામી નજીકનાં ચશ્મા પહેરવાથી દૂર થઈ શકે છે.

**રોકથામ :** દૃષ્ટિદોષ થતો રોકવાનો કોઈ ઉપાય નથી. પરંતુ નેત્ર દૃષ્ટિ જાંચ દ્વારા દોષ જાણી, ઉપયુક્ત ચશ્માનો ઉપયોગ કરવાથી દૃષ્ટિમાં સુધારો થઈ શકે છે. આપણા દેશમાં શાળામાં ભણતા બાળકોની દૃષ્ટિ ક્ષમતા જાંચનો વ્યાપક કાર્યક્રમ અમલમાં છે.

બાળકોના વાલી તેમજ શાળાના અધ્યાપકો બાળકોનાં દૃષ્ટિદોષની તપાસ નીચેની બાબતોના અવલોકન દ્વારા કરી શકે છે.

★ ધૂંધળું દેખાવાની ફરિયાદ કરે.

★ નજીકનું કામ કરતા માથાનો દુઃખાવો અનુભવે.

★ દૂરની વસ્તુઓ તરફ નજર કરતાં આંખ ઝીણી કરે, મચકોડે.

★ અભ્યાસમાં રૂચિ ન લે, જેનું કારણ દૃષ્ટિ દોષ હોઈ શકે.

★ બ્લેક બોર્ડ પરના લખાણની સહાધ્યાયીની નોટમાંથી નકલ કરે.

**નબળી પડતી બાળકોની દ્દષ્ટિ : ૫૭ હજારને ચશ્માં**

રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે જાગૃતિના અનેક પ્રયાસો અને શાળા આરોગ્ય ચકાસણીના કાર્યક્રમોના કારણે બાળકોમાં રહેલી વિવિધ બિમારી અને શારીરિક ખામીઓ બહાર આવવા પામી છે. આમ છતાં છેલ્લા એક દાયકામાં બાળકોને દૃષ્ટિની ખામીના પ્રમાણમાં સાત ગણો વધારો થયો છે. વર્ષ ૧૯૮૮-૮૯માં ૭૯૬૧ બાળકોને આંખોની ખામી હોવાનું બહાર આવ્યું હતું. તે વર્ષ ૨૦૦૭-૦૮માં વધીને ૫૭૪૨૬નું થવા પામ્યું છે.

આંગણવાડીથી લઈને ધો. ૧૨ સુધીના ૧.૩૧ કરોડ બાળકોમાંથી શાળા આરોગ્ય બાળ ચકાસણીમાં સંખ્યાબંધ બાળકોની દૃષ્ટિની ખામી જણાતાં ચશ્માની સુવિધા પુરી પડાઈ છે.

*૨૦૦૮માં ગુજરાતના અખબારોમાં પ્રકાશિત એક સમાચાર*

## જ્યારે આંખમાં કંઈક પડી જાય (આંખમાં બાહ્ય પદાર્થ)

ક્યારેક કોલસાની ભૂકી, તણખલું કે રેતીના કણ જેવી બહારની વસ્તુ આંખમાં પડી જાય છે. તે શ્વેતપટલ સ્વચ્છ મંડલ અને પલક વચ્ચે ચિપકી જાય છે. આ બાહ્ય કણ કોર્નિયા સાથે ઘસાતું રહે છે ત્યારે બળતરા થાય છે, જખમ થાય છે, પરિણામે દૃષ્ટિ અવરોધાય છે.

નીચે દર્શાવેલી બાબતો ધ્યાનમાં રાખવાથી આ સ્થિતિ ટાળી શકાય છે.

★ આંખોને મસળવી નહીં, ચોખ્ખું પાણી છાંટવું.


★ ઉપરની પલક ઉપર કરી અને નીચેની પલક પર મુકો. ડોળો ઘૂમાવો, એનાથી પલક વચ્ચે ચિપકેલું કણ છૂટું પડી બહાર નીકળી જશે.

★ આંસુ દ્વારા પણ આવા ચિપકેલો પદાર્થ બહાર આવી જાય છે. મોટે ભાગે આંસુ સફાઈનું કામ કરે છે.


★ સાથી ને કહો કે કોઈ ચોખ્ખા, ભીના કપડાની વાટ બનાવી, એ વાટથી પલક વચ્ચે ચીપકેલા પદાર્થને બહાર સેરવી લે.

★ તેમ છતાં પણ જો ચીપકેલું કણ બહાર ન આવે તો નેત્ર-વિશેષજ્ઞની સલાહ લ્યો. ■

## પાર્થ ચડાવે બાણ



આપણી સ્વર્ણીમ જ્ઞાતિના તેજસ્વી તારલા પાર્થ વિનયભાઈ પોમલે ધો.૧૨ સાયન્સ (બી-ગ્રુપ)માં ૯૨% (Percentile ૯૮.૮૩%) માર્કસ સાથે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. હવે પાર્થ મેડીકલ ક્ષેત્રમાં MBBS થયા પછી M.D.(ફીઝીશીયન) થવાની મહેચ્છા ધરાવે છે અત્રે ઉલ્લેખનીય છે કે અભ્યાસ સાથે પાર્થ સંગીતમાં પણ ખાસ રૂચિ ધરાવે છે. સંગીતક્ષેત્રે વિશારદ થવા એના હજુ બે વર્ષ બાકી છે.



ચિ. પાર્થનો લઘુબંધુ તેજસ્વી એવો મંથન વિનયભાઈ પોમલ એ એંકરવાલા સ્કૂલમાં ધો.૭માં ૯૫.૧૫ સાથે સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે પાસ થયેલ છે. ચિ. મંથન એથ્લેટીક્સ (ખેલકૂદ)માં વધારે રૂચિ ધરાવે છે. તાજેતરમાં મંથને ઊંઝા મુકામે રાજ્યકક્ષાએ ૧૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. હવે નવેમ્બરમાં મથુરા ખાતે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને ભાઈઓ 'સેતુ પરિવાર'ના પી. જી. સોની 'દાસ'ના હોનહાર પૌત્રો છે. આ બંનેને શાળા પરિવાર, સગા સ્નેહીઓ વિગેરે તરફથી ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

'સેતુ પરિવાર' પણ એમને ખૂબ અભિનંદન સાથે આશિષ પાઠવે છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીને આપણી જ્ઞાતિનો ગૌરવ વધારે એજ અભ્યર્થના.... *તંત્રી તથા સેતુ પરિવાર*

**ભૂલ સુધારણા :** ગત અંકમાં **શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ**ને બદલે **શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ** વાંચવા વિનંતી.

## પાંગરતી પ્રતિભા



**કિશન સુરેશભાઈ સોલંકી**

તેઓએ અમદાવાદની એચ. એ. કોલેજમાંથી બી.કોમ. કોર્ષ કરેલ છે.

આ દરમિયાન તેઓએ અમદાવાદની એનીમેશન ક્ષેત્રની નામાંકિત સંસ્થા MAAC માંથી બે વર્ષનો ડિપ્લોમા કોર્ષ કરેલ છે. હાલમાં તેઓ અમદાવાદની એનીમેશન સંસ્થામાં જોબ કરે છે. તે સાથે એડવર્ટાઈઝીંગ, કોર્પોરેટ ફિલ્મ, ડોક્યુમેન્ટરી, થ્રીડી એનીમેશન અંગે સ્વતંત્ર રીતે કામ કરે છે. તેમજ ભવિષ્યમાં આ ક્ષેત્ર સ્વતંત્ર એનીમેશન સ્ટુડિયો કરવા ઈચ્છા ધરાવે છે.

તેમની ઉજ્જવળ કારકિર્દી માટે જ્ઞાતિસેતુ પરિવાર તરફથી શુભકામના.

**રહેઠાણ :** ૨૦૩, શ્યામ-VI, સુંદરવન સોસાયટી, બંસીધર ગાર્ડન રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

### વાંચકો જોગ નિવેદન

શિક્ષણના વિવિધ સ્તરોની પરિક્ષાઓના પરિણામો આવતા થયા. વાંચકોને નમ્ર અનુરોધ છે કે તેઓશ્રી એમના સંતાનોની વિગત (૧. સંતાનનું નામ ૨. પિતાનું નામ ૩. અટક ૪. ગામ ૫. પરિક્ષા ૬. મેળવેલ માર્કસ ૭. શાળા/સંસ્થા/બોર્ડ/કોલેજનું નામ) માર્કશીટ કે બીજી કોઈ પ્રુફ્સ મોકલવી નહીં. વાંચકોનું લખાણ એજ સૌથી મોટું પ્રમાણ છે.

*- મુખ્ય તંત્રી*

**અનુસંધાન પૃષ્ઠ નં. ૧૯નું ચાલુ**

★ શું કોર્ષમાં લેખન, સ્ક્રીબલીંગ, ડુડલીંગ વિગેરેને મહત્વ આપવામાં આવે છે ?


★ શું ઈતિહાસ / રાજકારણ / માનવશાસ્ત્ર વિષે જ્ઞાન આપવામાં આવે છે ?

બહુમોટી સંખ્યામાં કોર્સ અને સંસ્થાઓ હોવા છતાં, એટલું યાદ રાખો કે આ એક મોટો કારકિર્દીનો નિર્ણય છે માટે તમારે પૂરેપૂરું હોમવર્ક આ સવાલો અગાઉથી જ પૂછીને કરી લેવું જોઈએ. ઓછામાં ઓછી ૩-૫ જગ્યાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરવું સારો વિચાર છે. આનાથી એટલું ચોક્કસ થશે કે તમારે જે જોઈએ છે તે તમને મળી જશે અને તમે ભરોસાપૂર્વક તમારા અભ્યાસના કોર્ષની યોજના બનાવી શકો છો સમય અને નાણાં બંને બાબતે શૈક્ષણિક લોન જેવી સુવિધાઓ વિષે પૂછવું પણ હિતાવહ છે જે અમુક સંસ્થાઓ પૂરી પાડી શકતી હોય.

તમારી કારકિર્દી માટે શુભેચ્છાઓ.


## ભેજુ કસો

**બાળમિત્ર**




★ આ ચિત્રમાં કુલ કેટલા ત્રિકોણ છે ?


★ ૧ થી ૧૨ નંબરને એવી રીતે ગોઠવો કે ત્રિકોણમાં એકી સંખ્યા આવે, વર્તુળમાં બેકી સંખ્યા આવે અને એવી સંખ્યા જે ત્રણ વડે ભાગી શકાય એ ચોરસમાં આવે ?




★ ૧ થી ૯ નંબરોને ગોળાકારે ગોઠવેલા છે. આ નંબરોને ત્રણ ગ્રુપમાં એવી રીતે વહેંચો કે દરેક ગ્રુપમાં રહેલા નંબરનો સરવાળો એક સરખો આવે ?





★ આ આકૃતિમાંથી કોઈ પણ બે સળી હટાવી શું તમે દસ ત્રિકોણ બનાવી શકો ?




★ આ આકૃતિમાંથી કોઈ પણ બે સળી હટાવી શું તમે આઠ ત્રિકોણ બનાવી શકો ?



★ આ આકૃતિમાંથી કોઈ પણ બે સળી હટાવી શું તમે નવ ત્રિકોણ બનાવી શકો ?



★ આ આકૃતિમાંથી કોઈ પણ ચાર સળી હટાવી શું તમે આઠ ત્રિકોણ બનાવી શકો ?



પ્યારા બાળમિત્રો, ....

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા

**ગત અંક સુધીમાં આપણે વાંચ્યું....**

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્ય ના અન્ન ભંડારનું ભોંયરૂં, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્ત્રો, આવી ગયા હતા. દીવાને તરૂણને સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો.*

*ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી. દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતા સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હશે એવું અનુમાન સુકાળે કર્યું એને ભંડારની પછી તે ભોંયરામાં દીવાન અને ભંડારીને જોયા. કાલીમાંની મૂર્તિની પગથી પર જમીન ખસકી અને અંધારા કૂવામાં એ ઉતરી ગયો. સુકાળ અને તેજુએ ભોંયરામાંથી ભંડારમાં થતી હિલચાલ જોઈ. બધી વાત કાલી મંદિરના પુજારીને જણાવી. પુજારીએ સુકાળ સાથે રાજમાતાને અને તેજુ સાથે રાજમાતાનાં પીયરમાં સંદેશ મોકલ્યા. રાજમાતાએ સેનાપતિ સમશેરસિંહને નગરના ગઢની બહાર છાનો પડાવ નાખવાની સુચના આપી. સુકાળ અને તેજૂએ બીજે દિવસે ભોંયરામાં દુર્જનના સૈનિકોની ઘુંસપેઠની ખબર લેવાની તૈયારી કરી. સુકાળ પુજારી પાસેથી રોટી અને કમળનો સંકેત સમજ્યો અને વિદેશી હકુમત સામેના વિદ્રોહમાં સામેલ થવા પ્રતિબદ્ધ થયો.*

*એ જ રાત્રે પૂજારી ને ત્યાં એને એના સાથીઓનો પરિચય ગુરૂદેવનો થયો.*

**હવે આગળ વાંચો......**

સોમવતી અમાસની સવારે નગર ફરતા કોટના મુખ્ય દ્વારે ગાડાં, ઊંટ અને ગધેડા ગાડીઓની વણજાર નગરમાં પ્રવેશની પરવાનગીની રાહ જોતી ઉભી હતી. સુકાળ કોટવાલ સાથે રકઝક કરતો હતો.

''પણ કોટવાલજી... આ ગાડાંને ઊંટગાડીઓ તો આપણા મહારાજાએ મને ઈનામમાં આપેલું અનાજ ભંડારમાંથી લઈ જવા માટે છે. દીવાનજી એ જ એ માટે મને ગાડાં લઈ આવવા હુકમ કર્યો છે. પછી મારે 'ગાડાં વેરો' શેનો આપવાનો ?''

એ અમે કંઈ ન જાણીએ તને હૂકમ મળ્યો હોય તો બતાવ. નહીં તો ગાડાં દીઠ ચાર રૂપિયા અને બીજા બધા બે પગા જાનવરો દીઠ બબ્બે રૂપિયા આપ. પછી જ એને નાકાની અંદર જવા મળશે. અને સાંભળ. આ તારા ગાડાં જો નગરમાં બે કલાકથી વધુ રહેશે, તો તેનોય 'બેઠા વેરો દેવો પડશે' કોટવાલે સુકાળને કડક શબ્દોમાં સંભળાવ્યું.

સુકાળને કોટવાલ સાથે રકઝક કરવાનું ઠીક ન લાગ્યું. એ સીધો મહારાજા પાસે ગયો અને ફરિયાદ કરી.

સુકાળની વાત સાંભળી મહારાજાને આશ્ચર્ય થયું. 'ગાડાં વેરો અને બેઠા વેરો ?' આ બધા કેવા વેરા છે ? મહારાજે તરત જ દીવાનને રૂબરૂ બોલાવવા પોતાની વેલ મોકલી. દીવાન તરત જ આવ્યા.

'દીવાનજી, આ બધું શું છે ?' આપણી જ વસ્તીના ગાડાં આપણા જ નગરમાં આવે તેનો ય વેરો ભરવાનો ?

'જી હજુર ... આપ જાણો છો કે રાજના ખજાના ખાલી છે અને માથે કંપની સરકારનું દેવું છે. એ દેવું ભરપાઈ કરવા રૈયત પર વેરા નાખવાની આપે જ મને પરવાનગી આપી છે' દીવાને ખુલાસો કર્યો.

તો એમ કરો, દીવાનજી, સુકાળના ગાડાં પરનો જે વેરો થાય તે રાજના ખાનગી ખાતાને નામે ઉધારી દ્યો અને એના ગાડાંને નગરમાં આવવા દ્યો.

'જેવો હુકમ હજુર ...' એમ કહી દીવાને ત્યાં ને ત્યાં જ કોટવાલ પર ચિઠ્ઠી લખી, એના પર હજુરશ્રીના હૂકમથી, એવું લખી, રાજાની અંગુઠીની મહોર એના પર મારી, એ ચિઠ્ઠી સુકાળને આપી દીધી. સુકાળ તરત જ નગરકોટને દ્વારે જવા દોડ્યો.

'મહારાજ, આપે બોલાવ્યો એ ખરૂં પણ આમેય હું - આપની પાસે અત્યારે જ આવવાનો હતો.' - દીવાને કહ્યું.

'અત્યારે ? શા માટે ?' મહારાજાએ નવાઈ પામતાં પ્રશ્ન કર્યો.

'મહારાજ, દુર્જનગઢથી બટલર સાહેબ એના રસાલા સાથે બપોર સુધીમાં અત્રે આવવાના છે' આ સમાચાર મારે આપને આપવા હતા.

બટલર આવે છે ? આમ અચાનક શા માટે ? અગાઉથી કોઈ જાણ કર્યા વિના આમ આવે તો આપણે એની સરભરાનો ઈંતજામ કેમ કરવો ?

'મહારાજ બહાનું તો શિકાર કરવાનું છે. પણ મને તો કંઈક બીજી જ ગંધ આવે છે... આપણે દુર્જનસિંહને ખોખરો કરવા લશ્કર મોકલ્યું તેની તેને જાણ થઈ ગઈ લાગે છે.' દીવાને મમરો મૂક્યો.

''તો દીવાનજી, સૌ પ્રથમ ગોરા સાહેબની મહેમાનગતિનો પાકો બંદોબસ્ત કરો. મહોલાતમાં એમના માટેના અનામત અતિથિ નિવાસમાં બધુ વ્યવસ્થિત ગોઠવાવી દો. જો જો, એમની ખાતર બરદાસ્તમાં કોઈ ખામી ન રહે. ચહેરા પર થોડી ચિંતાના ભાવ સાથે મહારાજાએ હૂકમ કર્યો.

''હું એ બધુ ગોઠવવા જ આવવાનો હતો, હજુર... તાબડતોબ એ બધું ગોઠવી દઉં છું. એમ કહી, દીવાન મહોલાતના દિવાનખંડમાંથી બહાર આવ્યા. એમણે

મનમાં નક્કી કર્યા. મુજબ બટલરના આગમનની આગોતરી જાળ, પાથરવા, મહોલાતના સુરક્ષા સૈનિકો આદિને, એમની યોજના મુજબ ગોઠવી દીધા. જતાં જતાં એમણે ભોયરાના પ્રવેશદ્વાર આગળ એક વિશ્વાસુ સૈનિકને સૂચના આપીને તહેનાત કરી દીધો.

આ તરફ સુકાળની વણઝારે નગરમાં પ્રવેશ કર્યો અને જોતજોતામાં વણજાર નગરના કોટની રાંગે રાંગે છેક અનાજના ભંડાર સુધી ગોઠવાઈ ગઈ. નગરમાં આવતા જતા લોકો એ વણજાર ને જોઈ રહ્યા.

'આ બધું શું છે ?' એક રાહદારીએ પાસેના દુકાનદારને પૂછ્યું.

'શી ખબર શું છે ?' પરમ દહાળે રાજનું લશ્કર ક્યાંક ચડાઈ લઈ ગયું ને આજે આપણા મહારાજના 'હુક્કાઈ' એ આ બધાને અહીં ભેગા કર્યા છે.

'તે તમને ખબર નથી ?' ... બીજા એક વૃદ્ધ રાહદારીએ ત્યાંથી પસાર થતાં, બંનેની વાત સાંભળી પોતાનો સૂર પૂરાવ્યો.

'ના બાપા, અમને તો કાંઈ ખબર નથી...' દુકાનદારે કહ્યું.

'તો સાંભળો, આ સુકાળે, આપણા મહારાજાને શતરંજમાં હરાવ્યા, તેથી મહારાજાએ એને ખુશ થઈ ભંડારમાંથી ફાવે તેટલું અનાજ લઈ જવાની બક્ષીસ આપી છે'

આટલું બધું અનાજ સુકાળ ક્યાં લઈ જશે ? એનું શું કરશે ?

લાગે છે કે રણકાંઠીના ગામડાઓમાં કાયમી દુકાળમાં લોકો ભૂખે મરે છે, એને ત્યાં આ બધું અનાજ પહોંચાડશે.... વૃદ્ધે એનું અનુમાન કર્યું.

પણ આ માળો ભંડારી, ભંડારનું બધું સડેલું અનાજ એને પધરાવી દેશે, એનું શું ? દુકાનદારે ભંડારી વિષેનો એનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

આવતા જતા લોકો વણઝારની વાતો કરતા પોતપોતાના અનુમાનો લગાવતા રહ્યા. સુકાળ એની વણઝારને મોખરી રહી ભંડારના દ્વારે જઈ ઊભો રહ્યો. થોડી વારે ભંડારી સાહેબ એના પાસવાનો સાથે પધાર્યા. ભંડારના દ્વારે સુકાળ અને એની વણજારને જોઈ ભંડારીએ મ્હોં મચકોડ્યું.

'નમસ્તે હજુર...' સુકાળે શિષ્ટાચાર કર્યો.

સવારના પહોરામાં તારું મોઢું જોયું. કોણ જાણે કેવો દિવસ જશે. પ્રત્યુત્તરમાં ભંડારીએ ડાચિયું કર્યું.

એ તો સરકાર સહુ સહુના ભાગ્યની વાત છે. જે થાય તે ખરું.

તમારા ભાગ્યમાં આજે ખરાબ દિવસ લખ્યો હશે તો હું એને સારો થોડો કરી શકીશ ? કહે તો સુકાળ ભંડારીની સાથે દ્વારમાં પ્રવેશ કરવા લાગ્યો.

''અરે ... એમ અધિરો ભંડારીએ કહ્યું તથા બોલાવું ત્યારે આવજે...''

જેવી આજ્ઞા હજુર... કહી સુકાળ મ્હોં મહકાવતો ત્યા જ ઉભો રહ્યો.

*વધુ આવતાં અંકે...*


## ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર્સ

ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા માન્યતા પ્રાપ્ત આ સંસ્થા દ્વારા નીચેના અભ્યાસક્રમો ચાલે છે.

**ડિગ્રી અભ્યાસક્રમો :** કમ્પ્યુટર સાયન્સ અને એન્જીનીયરીંગ ★ ઈલેક્ટ્રોનીકસ અને ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયરીંગ ★ ઈન્ફોર્મેશન ટેકનોલોજી તદુપરાંત વિવિધ ક્ષેત્રના ડિપ્લોમા અભ્યાસક્રમો છે.

**પ્રવેશ લાયકાત :** ધો. ૧૦ + ૨ અથવા સમકક્ષ વિજ્ઞાન તથા ગણિત સાથે પાસ હોવા ઉપરાંત, પ્રવેશાર્થી સંબંધિત ક્ષેત્રમાં કાર્યરત હોવો જોઈએ. અથવા ઉચ્ચ અભ્યાસ કરતો હોવો જોઈએ. **ઉમેદવારની વય મર્યાદા :** ૧૬ વર્ષથી વધુ હોવી જોઈએ. **વધુ માહિતી માટે સંપર્ક : www.iete.org/ www.iete.info**

**વડોદરા કેન્દ્ર :** ૫૦૧/૫૦૬, વૃજ સિદ્ધિ ટાવર્સ, ખંડેરાવ માર્કેટ, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૦૨૫૬-૨૪૨૨૪૭૫


## રંગો માટેનો ઉત્સવ

એક વાર ફરાય અગ્નિ જેવા દેવતાના ફેરા,
જયાં હોમાવી સત્‌ગુણી શ્રીફળને
બાદમાં અનેક ઊડાડી જાતજાતના રંગોને
ફરી એક એક રંગો સાથે ગમતાનો ગુલાલ,
ગોઠવી થાળી એકમાં ફૂલા અને
મૂકી જાત જાતની પ્રસાદીની વાનગીઓ
રંગી જાણે લોકો એકબીજાને એકમેકથી
ભૂલી જઈ સૌ ભેદભાવને
બનાવતા જાય છે એ જ રંગોથી તેમના હર્ષોલ્લાસને
અને સૌ કરતાં જાય છે ને
મનાવી જાણે છે કે એ જ
'અનેક રંગો માટે નો જ ઉત્સવ.....'

*જાનકી તરૂણભાઈ સાકરીયા-ભુજ*

# કર્મવીર સ્વ. બિહારીલાલ બુદ્ધભટ્ટી



'यस्मिन जीवति जीवन्ति बहवः स तु जीवति'

'જેના જીવવાથી ઘણા લોકો જીવે છે તેને જીવ્યો કહેવાય.'

આ પૃથ્વી પર આવી જેણે પોતાના ગુણોથી બીજાને જીવતા શીખવ્યું એવા સ્વ. શ્રી બિહારીલાલ એચ. બુદ્ધભટ્ટી (મૂળ કચ્છના અને રાજકોટ સ્થિત) પ્રમાણિકતાની મૂર્તિ હતા. સન ૧૯૬૨ થી ૧૯૯૮ સુધી બેંક ઓફ ઈન્ડિયામાં અવિરત સેવા આપી. ૩૦ વર્ષની વયે બ્રાન્ચ મેનેજર તરીકેની ઝળહળતી કારકિર્દી દરમ્યાન નવી શાખાઓ શરૂ કરવાનું શ્રેય તેમના ભાગે જાય છે કારણ આવડતની અટારીએથી પડકાર રૂપ કામ કરવા તે તેના લોહીમાં હતું.

તેમની સેવા અને કાર્ય કૌશલ્યનો લાભ સૌરાષ્ટ્રમાં રાજકોટ, આટકોટ, વડીયા, સુલતાનપુર, કચ્છમાં કેરા દેશલપર અને મધ્યપ્રદેશમાં ઈન્દોર, ભોપાલ, ધાર વિગેરે ગામોને મળેલ.

આ કર્મવીર ફક્ત બેન્કર નહોતા સાથે સાથે એક કલાકાર પણ હતા. શેરી નાટકોમાં રાજા ભથૃહરીનું પાત્ર હોય કે પછી પૃથ્વીરાજ ચૌહાણ કે તભા ગોરનું પાત્ર હોય. તેમાં પ્રાણ પૂરી તેને જીવંત બનાવતા. સંગીત ક્ષેત્રે પણ તેમની તેટલી જ રૂચી હતી.

પરંતુ તેનું સાચું જીવન તો ૧૯૭૪માં પૂ. પાંડુરંગ શાસ્ત્રી (પૂ. દાદા) ના સ્વાધ્યાય કાર્યમાં જોડાયા પછી શરૂ થયું. વાનપ્રસ્થી હોવા છતાં યુવાનને પણ શરમાવે તેના જુસ્સા અને ઉત્સાહથી આટકોટથી અલ્હાબાદ સ્કૂટર રેલીમાં ગયેલા. આ પ્રભુનો સૈનિક જ્યાં જ્યાં પ્રભુકાર્ય કરવાનું હોય ત્યાં પહોંચી જતા. પછી ભલે તે ભરૂચ હોય, મુંબઈ હોય કે ઈન્દોર હોય ! વિધીની વિચિત્રતા તો એ છે કે ૧૯, જૂનના રોજ બંને પતિ-પત્ની ભક્તિફેરીમાં લખનૌ (ઉત્તરપ્રદેશ) જવાના હતા. જેની ટિકીટ આજે પણ આંસુ સારે છે ? તેજ દિવસે રાત્રે આ પ્રભુનો પ્યારો સાચેસાચ 'પ્રભુનો પ્યારો' થઈ ગયો ! છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટનું વૃક્ષ મંદિર તેની ભક્તિનું રસપાન કરી રહ્યું હતું. ૨૦મી ઓક્ટોબરના દિવસે આ વૃક્ષો પણ પોતાના આ લાડલા સાથીદારની ચિર વિદાયની ગમગીન બની ગયા હોય તેવું ભાસતું હતું.

કુટુંબના સેનાપતિ, બેંક ઓફ ઈન્ડીયાના સંનિષ્ઠ કર્મચારી સ્વાધ્યાય પરિવારના લાડલા અને પ્રભુના પ્યારા અમારા આ ભીષ્મપિતા સમ યોદ્ધાને સ્મરણાંજલિ અર્પતા હૃદય ભાવથી ભરાય જાય છે. ભગવાન પાસે પણ 'વટ' થી ગયા છે કારણ મૃત્યુનો ડર તેને હોય જેણે જીવનમાં કુટુંબ માટે, સમાજ માટે કે ભગવાન માટે કંઈ કર્યું ન હોય ! આ કર્મવીર તો છેલ્લા ૨૦ વર્ષથી દેવોના દેવ મહાદેવ શ્રી અમરનાથના ચરણમાં પણ ૪૦-૪૫ લોકોને સાથે લઈ માથું ટેકવતા, ખરેખર આ અમરનાથ યાત્રા પોતાના કતૃત્વથી અમર થઈ ગયો ! ભાવ ભક્તિ અને કૃતિ ભક્તિનો જેણે પોતાના જીવનમાં સમન્વય કર્યો.

જ્ઞાતિ સેતુ પરિવાર સ્વ. બિહારીલાલ બુદ્ધભટ્ટીને હાર્દિક અંજલી આપે છે. ■

## ''ચોરી''

મનખા દેહ વન પનમેં ઝૂલેતો
આતમ મુંઝા બાવન બારો,
હંસલો કરેતો હિડાનું હલેજો તૈયારી
દેહ કે નાંય ઉતાવળ વિંજેજી
પીછા ખરાયેલ હીતો ફફળાયતો પખ
હરેં હરેં ખરેંતા દંઘ કન ને અખ.

પૂંરે મિંઝાનું આટો ઐંયા પૂરો
પૂરેં મેં પાછ વિંજા તેમેં બ્યેં કે કુરો ?
બ્યાં ઐંટોં કેર, આયા મીડે પાંઝા
દુનિયા દારી મેં આયા પાંઝા ને પાકરા
સાખી ભીની રયો ઐંયા સંસારમેં
ભેદ રખ્યો નાંય પીંઢજે ને પારકેમેં,

ખીસ્સો ખાલી આંઉં કરધો વિંજાંતો
ગીડો આય જીડાનું હુંડાંજ ડાંધો વિંજાંતો
નરાંઈંધા ઘુરાઈંધા ને પેરાઈંધા ખરા
પણ હોશિયારી કરી ખીસ્સા નરખંધા
હી દ્રાસેં કે ગિની વેંધો કાંક હિડાનું

જાતજ સોનારેજી કરાયાં તો 'ચોરી'
સોન કરીયાં તો ભેરો જાકો વિનેન કેડી,
રૂંધા ને સત રખીંધા મીડે બોરી
તાંય ગિની વેંધો આતમ ઉલીકી.

*હીરાલાલ બારમેડા - આદિપુર*



## *સ્વ. વીશાપરમાર સોની કેશવલાલ લખમશી*

## *(મનફરાવાલા)*

**સ્વ. તા. ૧૩-૪-૨૦૧૨, અંજાર**

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે... ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતાને હસાવતા રહ્યા... આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ તથા આદર્શો અને સિદ્ધાંત સદાય અમારા હૈયે રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**: શોકમગ્ન :**

ગં. સોની કંચનબેન કેશવલાલ તથા પુત્રો

સોની રાજેશ કેશવલાલ

સોની મહેશ કેશવલાલ

સ્વ. સોની દિપક કેશવલાલ

**સોની લખમશી દેવશી પરિવાર - અંજાર**

# ભગવાનની સાર્વત્રિકતાની સાબિતીઓ વૈજ્ઞાનિકોને સાંપડી છે

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

માનવ જીવનમાં ઠેર ઠેર કેટલાક અજાયબ પ્રસ્નો પ્રગટ થતા રહે છે. સામાન્ય રીતે ચર્ચા વિચારણામાંથી સત્ય હકીકત સાંપડતી રહે છે. માનવીનું મગજ એવું છે કે જેમાં અનેક આધ્યાત્મિક, વૈજ્ઞાનિક, જૈવિક પ્રશ્નો ઉઠતા હોય છે. કેટલાક લોકો આવા ઉદ્‌ભવતા પ્રશ્નોને પડકારરૂપે નિહાળે છે. પ્રશ્નો ઉઠવા એ સ્વાભાવિક માનવીય પ્રક્રિયા હોવા છતાં તે પ્રગતિની નિશાની છે.

આવા પ્રશ્નો હવે જગત નિયંતા વિષે થવા પામ્યા છે. શ્રદ્ધાળુઓ માને છે કે આ જગતને ચલાવનાર પરમ તત્વ, ઈશ્વર કે ભગવાન કે Super Natural Power છે. જ્યારે અશ્રદ્ધાળુ કે જેને નાસ્તિક તરીકે લોકો મૂલવે છે તેઓ વર્ણવે છે કે, 'આ જગતના નિયંતા ભગવાન નથી.' આવું કહેનારા પ્રત્યે શ્રદ્ધાળુઓ, આસ્તિકો સારી નજરે જોતા નથી. નાસ્તિકોએ આવું વિધાન ક્યા આધારે કર્યું ? તેમની આવું વિધાન કરવાની માનસિક સજ્જતા - સ્વસ્થતા કેવી છે ? અગાઉ તેમના કોઈ વૈજ્ઞાનિક કે અન્ય દાવાઓને સફળતા પ્રાપ્ત થઈ છે ?

સર્વોચ્ચ શક્તિ કે ઈશ્વરના અસ્તિત્વમાં ન માનનારા વિષે કેટલાક મનોવિજ્ઞાનીઓ એવું પણ જણાવે છે કે આવા લોકોના હૃદયની ભીતરમાં તેમના હૃદયના એક ખૂણે કોઈક શ્રદ્ધાની ભાવના ભરપૂર હોય છે. ઈશ્વર વિષયક ચર્ચાને એરણે ચઢાવી પોતાની માન્યતા કાંતો દૃઢ કરવાનો અથવા તો ઈશ્વરના અસ્તિત્વને જાણવાનો આ કીમિયો હોય છે. આવું જ કંઈક તાજેતરમાં બ્રિટીશ વિજ્ઞાની સ્ટીફન હોકિંગે પોતાના પુસ્તક 'ગ્રાન્ડ ડિઝાઈન'માં ઉલ્લેખ્યું છે કે, 'બ્રહ્માંડના નિર્માણમાં ઈશ્વરનું કોઈ યોગદાન નથી.' તેમણે સ્વ દલીલમાં એટલું જ કહ્યું છે કે 'મારી ધારણા અનુસાર બિગબેગ થિયરી મુજબ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત અનુસાર બ્રહ્માંડનું નિર્માણ થયું છે.' આવા એક ફિલોસોફર નિત્સે એ પણ જણાવેલું કે 'ઈશ્વરમાં માનનારા મુર્ખ છે.' વાસ્તવમાં આંધળો બાળક માતાના ખોળે બેસી બાલ્યાવસ્થાથી કિશોરાવસ્થામાં પ્રવેશે છતાં તેને ખબર નથી પડતી કે તેની માતા કાળી છે કે ગોરી. તેવી જ રીતે ભગવાન કેવા છે ? તેની આપણને ખબર પડતી નથી. આપણા શરીરની ચયાપચયની ક્રિયા કે Metaliolism ની પ્રક્રિયા કેવી રીતે ચાલે છે. એ વિચારાય તો પણ ઈશ્વર તત્વનો ખ્યાલ આવે એવું વિદ્વાનો કહેતા હોય છે. પાશ્ચાત્ય કવિ wordsworth કહે છે, 'God is in the Heaven'.

તો કેટલાક વિદ્વાનો ભગવાન સર્વત્ર હોવાની વાત રજૂ કરે છે. સાપેક્ષવાદનો સિદ્ધાંત આપનાર આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે 'પ્રત્યેક વૈજ્ઞાનિકના મનમાં એક ધાર્મિક લાગણી રહેલી હોય છે. ઈશ્વરની' અમૂક રચનાઓ અટપટી, બેનમૂન, અદ્‌ભૂત અને ન સમજાય તેવી હોય છે. ભગવાનના અસ્તિત્વ વિષે બે મત નથી. ચાર્લ્સ ડાર્વિન કે જેણે ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત આપ્યો તે ભગવાન વિરોધી નથી. તેમના ખ્યાલ મુજબ પૃથ્વી પર માનવીનું નિર્માણ ભગવાન જ કરી શકે.

અંતરિક્ષ યાનની રચના કરનારાઓમાંના વૈજ્ઞાનિક વર્નર વોન બોર્ન તો એટલી હદે જણાવે છે કે 'ઈશ્વરની પ્રાર્થનામાં જ્યારે મને હુકારાત્મક અભિગમ સાંપડે છે ત્યારે જ અંતરિક્ષયાન છોડવાની હું પરવાનગી આપું છું. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ પોતાના પુસ્તક 'Wings of fire' માં વર્ણવે છે કે 'પ્રત્યેક મનુષ્ય પૂર્ણ પરમાત્માનો એક અંશમાત્ર છે.' તેઓ ઉપદેશે છે કે લોકો શા માટે એવું માને છે કે વિજ્ઞાન મનુષ્ય પાસેથી ઈશ્વર શ્રદ્ધા છીનવી લે છે ? હું તો એમ સમજું છું કે વિજ્ઞાન તરફ જવાનો રસ્તો હૃદયમાંથી પસાર થાય છે. મારા માટે તો હંમેશા વિજ્ઞાન એ આધ્યાત્મિક સમૃદ્ધિ અને આત્મસાક્ષરતાનો માર્ગ રહ્યું છે.

કોન્ટમ ફિઝીક્સના સ્થાપક મેક્સપ્લાંક, કલાસીક મીકેનનીકના સંશોધક વર્નર હાઈઝનબર્ગ, આઈઝેક ન્યૂટન, ડો. ફ્રાંસિસ કોલીન કે જેઓ અમેરિકામાં ઓબામા શાસનના સુપ્રિમો, આરોગ્ય વિષયક સેવાઓ સાથે સંકડાયેલા છે. આ બધા ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા વૈજ્ઞાનિકો છે. ન્યુયોર્ક એકેડેમી ઓફ સાયન્સના ભૂતપૂર્વ પ્રમુખ સુપ્રસિદ્ધ વિજ્ઞાની કેસીમોરિસનના જણાવ્યા અનુસાર જીવ શું છે ? તેનો સચોટ ખ્યાલ આ જ દિવસ સુધી કોઈ આપી શક્યું નથી. આ જીવ સૃષ્ટિને જીવાડનાર સૂર્ય તાપમાં અડધા ટકાનો ઘટાડો કે વધારો થાય તો તે સર્વનાશ નોતરી શકે છે. વૃક્ષો અને પાંદડા, પુષ્પો, આદિના અનેક રંગ, આકાર, સુગંધ, લાખો વન્ય પ્રાણીઓ તથા તેમના ખોરાક, સુક્ષ્માતી સૂક્ષ્મ જીવો અને તેઓનું સમૂહ જીવન નદીના મીઠા જળ અને સમુદ્રના ખારા જળમાં જળચર જીવોનું જીવન આ બધું માનવીની બુદ્ધિ તર્કબદ્ધતા અન્ય પ્રાણીઓમાં નથી. આ બધુ ઈશ્વરની દેણ છે. એક સમયે આલ્બર્ટ આઈન્સ્ટાઈનને પૂછાયેલું કે 'તમે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવો છો ?' તેમણે કહ્યું કે મને નથી લાગતું કે ઈશ્વરે બ્રહ્માંડનું સર્જન કોઈ મદદગારીથી કર્યું હોય. આવો જ પ્રશ્ન નરેન્દ્રનાથ સ્વામિ વિવેકાનંદે શ્રી રામકૃષ્ણ પરમહંસને કરેલો કે 'તમે ઈશ્વરને જોયા છે ?' તરત જ પ્રત્યુત્તર વાળતાં પરમહંસજી કહે, 'હું તમને જોઉં છું તેનાથી પણ સારી રીતે જોયા છે.'

શાસ્ત્રકારો તો એટલે સુધી કહે છે કે, માનવીની બુદ્ધિના પ્રેરક ભગવાન છે. ભગવાનને કરતાં આવડે છે, એવું કોઈનેય કરતાં આવડતું નથી. માતા જેમ બાળકની રક્ષા કરે છે. તેમ

ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે. વિવિધ ભાષાઓ અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ફ્રેન્ચ, જર્મન આદિ મુજબ ભગવાનના નામો અનેક વિધ છે. લોકો અનેક સ્વરૂપે ભગવાનને ભજે છે છતાં પણ ભગવાન અનેક નથી. જેમ આપણે લોહીની સગાઈ મુજબ કોઈકના પતિ, પુત્ર, ભાઈ, કાકા, મામા, ફુઆ તરીકે ઓળખાઈએ છતાં આપણે તો જે દેહ છે તે યથાવત છે. તેમ ભગવાનનું છે.

ભારતીય આધ્યાત્મ શાસ્ત્રનો ઈતિહાસ તપાસતાં અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણો આપણને એવા પ્રાપ્ત થાય છે કે જે ભક્તજનને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય. ધ્રુવ, પ્રહલાદ, મીરા, નરસિંહ મહેતા આદિને ભગવાનનો સાક્ષાત્કાર થયેલો. રામાયણના રચયિતા તુલસીદાસજીને ભગવાન શ્રીરામના દર્શનનો લાભ પ્રાપ્ત થયો. માત્ર સવા બસો વર્ષ પૂર્વે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના પાંચસો પરમહંસને તથા અનેક ભક્તજનોને સ્વસ્વરૂપના દર્શન કરાવ્યા. સ્વહસ્તે સ્થાપિત મૂર્તિઓમાં સ્વસ્વરૂપનું જ્ઞાન આપી સ્વભાન કરાવ્યા.

આજે પણ પૂ. ધ્યાની સ્વામીજી જેવા સિદ્ધ સંતવર્ય, પોતાના હૃદયમાં ભગવાનની મૂર્તિ અખંડ ધારી રહ્યા છે. આવા મહાન સંત માત્ર ગુજરાત જ નહિં. સમગ્ર ભારતના ગૌરવ સમાન છે. તેઓશ્રી તથા આપણા વૈદિક ગ્રંથો વર્ણવે છે. એ મુજબ ભગવાન દ્વિભુજ સાકાર સ્વરૂપ છે. તેઓનું શરીર નિર્મળ સ્ફટિક સમું હજારો સૂર્યોની ક્રાંતિ સમું છે. તેમનો હાડ, માંસ, રૂધિરનો દેહ નથી. તેથી જ તેઓ અમાયિક અને દિવ્યદેહે યુક્ત કહેવાય છે. આપણા જેવો માયિક આકાર ભગવાનનો ન હોવાથી જ તેઓ નિરાકાર કહેવાય છે.

વૈજ્ઞાનિકોએ રોબોટ બનાવ્યા. પરંતુ એક નાની સરખી કીડી જેવી કીડી બનાવી શક્યા છે ? કોઈપણ જીવનના મૃત્યુને રોકવા સફળ થયા છે ? શરીરમાંથી જીવાત્મા કેવી રીતે બહાર નીકળી અને ક્યાં જાય છે ? એ શોધવા સફળ થયા છે ? પ્રત્યુત્તર એટલા જ કે આ બધા પ્રશ્નોના ઉકેલ તેમની પાસે, નાસ્તિકો પાસે નથી. ભારતીય દર્શન શાસ્ત્ર, ગીતા, ઉપનિષદ, ભાગવત્ પુરાણે જીવની ગતિની ગતિવિધી સચોટ દર્શાવી છે. આજે તો અમેરિકા જેવો વિકસિત દેશ, પોતાના ચલણ, ડોલરની નોટ પર શા માટે લખે છે. 'IN GOD WE TRUST' ■

## શ્રદ્ધાસુમન



**સ્વ. સોની કેશવલાલ લખમશીભાઈ વિસા પરમાર**
**(મનફરાવાલા) – અંજાર (કચ્છ)**
**સ્વ. તા. ૧૩-૪-૨૦૧૨**

''માણસ સામાજીક પ્રાણી એ સહુ કોઈ જાણે,
પણ સાચો માસ એ જે પોતાનો ધર્મ પિછાણે,
ફર્જ નિભાવી માતા-પિતા, પરિવાર તણો,
સંતાનોમાં સંસ્કાર-સિદ્ધાંતોનું ચણતર કરતાં જાણે,
છો ને ના મળે કોઈ ઊંચો પદ કે વૈભવ,
પોતાનાં આદર્શો નો સંતોષ માણે,
સ્વમાન જાળવી સ્વજાત તણો, જીવન-લ્હામ માણે,
ખરો માણસ એ જ છે જે અંતે નમે ઈશ્વર ચરણે.''

''ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના સહ શબ્દ-શ્રદ્ધા-સુમન....''

*હેમેન્દ્રકુમાર કંસારા તથા પરિવાર - અંજાર (કચ્છ)*

## માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (KG. to STD. 9)



**મીશા ડી. બિજલાણી**
**ભૂજ**
**ધો. :** L.K.G. ૯૦%



**વિવેક જે. છત્રાળા**
**અંજાર**
**ધો. : ઉચ્ચકક્ષા ૯૯%**



**વત્સલ એ. બુદ્ધભટ્ટી**
**ભૂજ**
**ધો. :** 4 ૯૮.૧૩%



**માનવ એમ. સોની**
**ભૂજ**
**ધો. :** 7 A+



**હિનલ એ. બુદ્ધભટ્ટી**
**ભૂજ**
**ધો. :** 7 ૮૬.૨૫%



**ક્રિષ્ના જે. છત્રાળા**
**અંજાર**
**ધો. :** 8 ૭૯.૫%

### ''સાદગી''

અમે સંસારી ભગત સાના
કરતા પ્રયાસ ફરજ જાણી રે...
પ્રમાણિક્તાનો પટાકો લઈને
હરખે અમે મેદાને ઉતર્યા રે... અમે.
સુખ દુ:ખનું ભાન નવ રહ્યું
ભુત-ભાવિની ચિંતા ટળી રે... અમે.
મોજ-મજા આનંદ ઉત્સવથી
રમતા રમતા જીવન વીતે રે... અમે.
સમાજ રહ્યો આજ-તક ભ્રમિત
વ્યાપક પ્રભુ અસ્તિત્વનું રે... અમે.
સમર્પણ કર્યું અને અમારી જાતનું
શૂન્ય સમાન જીવન જીવીયે રે... અમે.
આ જ્યોતિ નિરંતર અવતરતી
તેનો જ પ્રતાપ બીજુ કંઈ નવ રે... અમે.
આ તો છે પરબમિણી કરૂણા
જેની મશાલ અમ હાથે રે... અમે.
ઘડી ઘડી તેમનું જ ચિંતન
આગળ ને આગળ ધપીયે રે... અમે.

*વિજય એમ. બુદ્ધભટ્ટી - ભુજ*

### શોધું છું

બેવફાઈની દુનિયામાં હું વફાદારને શોધું છું
રસ્તે રઝડતાં ભૂખ્યાં તરસ્યાં નિરાધારને શોધું છું
કોનું લેણું કોનું દેણું કોનું શું શું બાકી,
વ્યાજ સહિત એ ઋણ ચૂકવવા લેણદારને શોધું છું
નાવ હવે છે મધદરિયામાં મોજાંના તરખાટ વચ્ચે
ભવસાગરથી પાર ઉતરવા તારણહારને શોધું છું
પાંખડીના પુણ્ય પ્રતાપે પાપ ગયાં સઘળાં નાસી
પુણ્યાત્માના પગલામાં હું સર્જનહારને શોધું છું
દુનિયાના જખમોની યાદી પાને પાને નોંધી છે.
ઊંડા ઘા છે જખમોના એ રૂઝાવનારને શોધું છું.

*અસ્ફ઼ી સોલંકી*



## અ.સૌ. જ્યોતિ તુલસીદાસ કંસારા

જન્મ તા. ૨૫-૪-૧૯૫૪ (ભુજ-કચ્છ-ભારત)

સ્વ. તા. ૮-૫-૨૦૧૨ (એડિસન-ન્યુજર્સી-યુએસએ)

*नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।*

*न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥*

તુલસીદાસ કંસારા

મુંજાલ કંસારા - નીમા સોની

વિક્રમ કંસારા - અનિતા કંસારા

દિવ્યાંશ કંસારા - કેતુલ ઠાકર

આદિત્યા કંસારા - વરૂણ કંસારા